ફરે તે ચરે!



વાર્તા વિભાગ પુસ્તક ૮૫ મું.


કીમત.....બે.....આના.

તદન મફત.

શારીરીક શાસ્ત્રને સમજાવનાર, તંદુરસ્તીનાં નીયમો બતાવનાર, ઉત્તમ સંતતી પેદા થવાનું સાધન કહેનાર અને શરીરના રોગોને મટાડી શરીર બળવાન બનાવવાનો ઉપદેશ આપનાર **જીંદગીનું અમૃત** નામનું વૈદકીય પુસ્તક ૫૬) પાનાનું જે કોઇ એક પોસ્ટ કાર્ડ લખી મંગાવે તેને મફત મોકલાય છે.

પુસ્તક મલવાનું ઠેકાણું:—

ડાકટર કાલીદાસ મોતીરામ. રાજકોટ કાઠીયાવાડ



લાવવા માટે આ લેપ ફતેહમંદ ઇલાજ છે. આઉંસ એકની ડબીના રૂપીઆ આઠ.

ડાકટર કાલીદાસ મોતીરામ–રાજકોટ–કાઠીયાવાડ

મુંબઇમાં દવા મલવાનું ઠેકાણું:—

મેસર્સ કેમ્પ એન્ડ કાં. લીમીટેડ તથા

કાફર્ડ માર્કેટની અંદર અચારીઆની દુકાન ઉપર

ફરે તે ચરે!

બેકાર ભાઇઓ હિંમતથી બાહેર પડયા અને પછી કેવા તડાકાથી તર થયા તેની ધડા લાયક વાર્તા.

લખનાર—B. L. M. (જમશેદપુર.)
“વાર્તા વિભાગ,” ઠે. ક્રોફર્ડ મારકેટ અંદર; મુંબઇ, ૧.

પ્રકરણ—૧ લું.

તેઓ બન્ને સગા ભાઇઓ હતા, આ રૂસ્તમ અને સોરાબ મોદી. રૂસ્તમની ઉમર જ્યારે એકવીસ વરસની હતી ત્યારે તેનો ભાઇ સોરાબ તેનાંથી ફક્ત દોઢ વરસ નાનો હતો. આ બન્ને ભાઇઓ જબરદસ્ત કદાવર બાંધાનાં, અતીઘણાં મજબુત, અને ખરેખરાજ પહેલવાનીજ કદ ધરાવતા હતા. બન્ને બીરાદરોએ પોતાનાં વહાલા પીતાજીનું માયાળુ શીરછત્ર છેક નાનપણથીજ ખોહી દીધું હતું, અને હાલમાં તેઓ પોતાની ગરીબ વીધવા માતા સાથ કોટ તરફ એક ઘણાંજ ગરીબ અને ગીચ લત્તા પર આવેલાં એક મકાનને બેંતગાયે અતી ઘણી ગરીબ અવસ્થામાં અવટયાં મારતાં રહેતાં હતા. આ ત્રણ જણ ઉપરાંત તેઓનાં ઘરમાં તેઓની માતા બચુ-બાઇની મરહુમ બેહનની એક દીકરી રોશન કરીને પણ નાનપણથીજ ત્યાં તેઓને ઘરે મોટી થઇ ઉછરી હતી. આ સુંદર રોશન સદંતરજ એક નાવારેસ હતી અને તેણીનાં માત-પીતા આ ગરીબ છોકરીને નાનપણથીજ એખલી અટુલી છોડી બેહેસ્ત મુકામ પામ્યા, બાદ બચુબાઇએ પોતાંને હસ્તક લઇ પાળી પોસી મોટી કીધી હતી. તેણી ફક્ત સોલ કે સત્તર વરસની જોબનનાં બહારમાં ખીલતી ફુલની એક નાંજુક કળી જેવી કોમળાંગી હતી. ગમે એવી ગરીબાઇ છતાં તેણી સદા ખુશાલ સંતોષી અને ઘણી ઘણી ધીરજ સબુરી વાળી હતી, અને ત્યારે પરીણાંમમાં તેણીનાં માંસી બચુબાઇ

આ સુંદર રોશન પર પુષ્કળ પ્યાર ધરાવતાં હતાં. તેઓનાં આ ગરીબ ઘરનો તમાંમ ઘસડબોરો આ મુંગે મોંહેની ગરીબ ગાય જેવી છોકરી એકલે હાથે અને મુંગે મોંઢે ઘણીજ આસાનીની સાથ સંભાળી લેતી હતી, અને પોતાંના વૃદ્ધ વહાલાં માંસી બચુબાઇને જરાક પણ થઇને તેનો સંસારો વઢીક માલમ પડવા દેતી નહી. તેઓની અવસ્થા જોકે અતી ઘણી કંગાલ અને ત્રાસદાયક હતી તોપણ આ ગરીબ ઘરમાં એક બીજાં સાથ એટલો તો સંપ અને મેળ મોજુદ હતો કે જાણુ જાંણે કોઇબી રીતનું મુશ્કેલી જાયું કોઇને પણ લાગતું નહી હતું.

આ બન્ને ભાઇઓ ઘણાંજ મેહેનતુ હોવાને લીધે તેઓ કંઇ પણ અને કોઇબી કાંમ કરવાને અતી ઘણાં તલબગાર હતા, પણ પેલી કહેતી છે તેમ 'ગરીબનાં નસીબજ ગરીબ' તેમ કમનસીબે આ બીચારાઓનો કંઇ પણ થઇને દાગ લાગતો હતો નહી. જોકે તેઓએ પોતાના ખપ પુરતી અને કામ ચલાઉ કેળવણી તો લીધી હતી અને ઇંગ્રેજી સારી રીતે લખી વાંચી જાણતા હતા. એક કોઇ ભલા પારસીની મેહેરબાનીથી અવારનવાર આ બન્ને ભાઇઓને પરચુટણ છુટું છવાયું કાંમ જોકે મળતું હતું અને આ તેઓની કમાંઇની ટુંક રકમમાંથીજ જેમ તેમ તણુમણુ અને વળી મીઠી રોશનનાં કરકસરયા કારોબારને લીધે અકરવકરેજ સર્વે નીભતું આવતું હતું.

ઘણીકવાર તો આ બન્ને ભાઇઓ ફક્ત બંદગી કરવા પાછળજ કલાકોને કલાકો ગાળી કાઢતા હતા.

"તમે બન્ને ભાઇઓ રોજનાં પાંચથી છ કીમતી કલાકો તમારા ભણતર પાછળ નાહકના ગુમાવોછો તેનાં કરતાં તેમાંનો ફક્ત અરધોજ વખત જો ફાજલ પાડી કોઇ કાંમ ધંધો કરો તો તેમાં જરૂરજ કાંઇ ફાયદો થાય, ખુદા તો કહેછ કે તમે મેહનત કરો તો હું તમુંને મદદ કરૂં. કેમ સાચી વાત છેની? રોશનનું આ વાજબીજ કહેવું હતું.

"હા, તાહરૂં કહેવાનું બરોબર છે, રોશન. અને તેથીજ હમો બન્ને ભાઇઓએ બસ હવે પાક્કોજ વીચાર કીધોછ કે કમમાં કમ ત્રણ વરસ સુધી હમારે મુંબાઇ છોડી કંઇ બહારગામ ચાલી જઇ નસીબ અજમાંવવું. જે બને તે ખરી. કેમ તારો શું વીચાર?" સોરાબે ઉલટભેર જાંણુવા માંગ્યું.

"એમાં ખોટું કશુંજ નથી. કંઇ બહાર ગાંમ જઇ પ્રમાણીકપણે નોકરી ધંધો અજમાવો તો વળી કદાચ આપણો દીવસ ફરી પણ જાય ખરો, કેમ રૂસ્તમ, માહરૂં બોલવું વાજબી છેની?"

"હા, સહનતર વાજબી છે. હમો બન્ને ભાઇઓએ સાથેજ મુંબાઇથી નીકલી જવાનો વીચાર કીધોછ કે કોઇ કેઠે બહારગામ નીકલી જઇ ત્યાંજ નસીબનો પાસો અજમાવવો. દારાબદારૂબી એમજ કહેતા હતા રૂસ્તમે જણાંવ્યું.

દારાબદારૂ પંડકીને આ ગરીબ કુટુંબ સાથ કંઇક વરસોની ઓળખને લીધે તેવણનું દરરોજ ત્યાં આવવું જવું થતું હતું. વળી તે ઉપરાંત તેવણ જોતીષવીદ્યા પણ બહુજ સારી રીતે જાણતા હતા અને ઘણીજ વેળાએ તો ચોકસ ચોકસ ભારી દીવસોને માટે બચુબાઇને સાવચેતીમાં રહેવા સારૂ આગમજથીજ ચેતાવી દેતા હતા. હસ્તરેખા તેમજ ટપકા જોવામાં આ દારાબદારૂ એટલા તો પ્રવીણ હતા કે ઘણાંક મોટે મોટે ઘરનાંઓ વટીક આ બુઝોર્ગ અથોરનાનને પોતાંને ત્યાં બોલાવી મંગાવતાં હતાં. આજકાલનાં જુઠા અને લોભી ધુતારા જોષીઓની માફક તેવણ ધુટમ ઘાટમમાં બીલકુલ માનવાવાલા નહી હતા. હસ્તરેખા તથા શરીરની જુદી જુદી રેખાઓ જોઇ હમેશા તેવણ પોતાંનુ સાચુંજ મત આપતા હતા અને ઘણે મોટે ભાગે તો તેવણનું કહેવું અજાયબી પમાડે તેવી રીતે ખરૂંજ પડતું હતું.

આસરે ૭ મહીનાંની વાત ઉપર કોઇ એક ઘણાંજ ખરાબ અને કમનસીબ સંજોગો વચ્ચે આ બન્ને ભાઇઓ, રૂસ્તમ અને સોરાબ, કોઇ એક કમીનાં અને રાસકલ પારસીની નીચ ઝુગાલમાં સપડાઇ ગયા હતા. બનાંવ એવો બન્યો હતો કે રોજીંદા એક છાપામાં એક વેળાએ નીચલી લલચાવનારી જાહેર ખબર તેઓનાં વાંચવામાં આવી:—

ભાગ્યો જોઇયે છે—મોટર બસનાં બહુજ નફાકારક ધંધામાં આઠ હજાર રૂપ્યા રોકડા રોકી શકે તેવો એક પાર્ટનર, નફાની સો એ સો ટકા ગેરેન્ટી. વધુ ખુલાસા માટે મલો જમશેદજી વખારવાને કોટમાં, સુરતીનાં ઘરમાં, બીજે માળે.

કોઇ સેહતાંણ ચોઘડચેજ ઉપરી જાહેર ખબર આ બન્ને ભાઇઓનાં વાંચવામાં આવી અને પોતાનાં ઘરવાલાંઓને સમજાવી પોતાની માંય અને ખુદ રોશનનાં પોતાનાં જેબી કાંઇ ઘરેણાં ગાંઠાં જે વરસોનાં બીચારાંઓ પાસ સચવાઇ રહેલાં હતાં તે આઠ હજાર રૂપ્યાનાં બદલામાં પેલા કોઇ

લફંગા પારસીને કોઈબી રીતની લખાવટ કર્યા વીના તેનાં ભરૂસા ઉપરજ રહી તુરતાતુરત જઇ ભરપાઈ પણ કરી દીધા.

ત્યાર બાદ પેલો કોઈ મહાઠગ પહેલાં તો વાયદાઓ ઉપર વાયદાઓ આપતો ગયો અને છેવટે મુંબાઈ છોડી કેઠે પલાયન પણ કરી ગયો, અને પરીણાંમમાં આ ગરીબ ભાઇઓ આજની ઘડી સુંધી હાથ ઘસતા બેસી રહ્યા. આ ગજબનાંક બનાંવ બની ચુકયો તેની આગમજ દારાબદારૂ પંડકીએ પૈસા ટકાનો કોઇબી રીતનો જોખમ નહી ખેડવા આ બન્ને ભાઇઓને ખતી ખતીને કહેવાં છતાં આ બીરાદરોએ તેવણનાં બોલવા ઉપર કશું પણ ધ્યાન આપ્યું હતું નહી, અને તેઓની અનેક મુશ્કેલીઓમાં આ એકનો જાંણે ઓરબી વધારોજ થયો હતો.



પ્રકરણ—૨ જુ.

આજનોજ તે દીવસ હતો કે જે દીવસે આ બન્ને ભાઇઓ મુંબાઈ છોડી કોઈ દુર દેશાવર પોતાનું નસીબ અજમાવવા જુદી જુદી દીશાએ ચાલી જનાર હતા. તેઓની બીચારી વહાલી અને ગરીબ માવતર પોતાનાં વહાલા દીકરાઓથી છુટી પડવા સારૂ હદબહાર દુઃખી થતી હતી. પણ બાલી રોશન તથા દારાબદારૂ પંડકી તેવણને લણી લણી દીલાસા અને સબ્બારો આપતા હતા.

"અરે માંય તમે ખુદાનું નાંમ લઇને એ શોકને જવા દેવો રે જી. મુંબાઇમાં એ શોકનો કશો પણ પાટલો ફાવનાર નથીજ, હવે એ શોકનાં દીવસો હાલમાં બારી. એતો ફરે તે ચરે ને બાંધ્યો ભુખે મરે. કાલનાં એ શોકને ત્રણ વરસની પનોતી ચાલેછ તેથી પોતાનાં ઘરબારથી દુર દેશ જ અયલાઝ બારા. તહમે શામજયાંની બાનુમાહ માંય ?" દારાબદારૂ પંડકી એ ગરીબ માવતરને સમજાવતા હતા. નાની રોશન પણ આ દારાબદારૂનાં મતો મળતી થતી હતી.

"જો સોરાબ, આજે ૪ થી જુન છે, બુધવાર છે, અને દીવસ બી ઘણોજ સારો છે. આજે સાંજથીજ આપરે મુંબાઈ છોરી જઇયે. આપરે કરેલા વીચાર મુંજબ આપરે બેઉ ભાઇઓ સાથે નહી પણ જુદી જુદી દીશાએ ચાલી જઇશું, અને બરોબર ત્રણ વરસ પુરાં થશે ને આપરે પાછા

૪થી જુન ને દીવસે બરાબર આયજ ટાઇમે પાછા મલશું. હવે, આપુને ક્યાં મલવું તે પણ મેં વીચાર કરી રાખ્યો છે." રૂસ્તમે જણાંવ્યું.

"તું ક્યાં મળવાનો વીચાર રાખેછ, રૂસ્તમ ?" સોરાબે જાણવા માંગ્યું.

"આપરે આજથી બરોબર ત્રણ વરસ પુરાં કર્યો બાદ ૪ થી જુનની સાંજે સાત વાગે ક્રાફર્ડ મારકીટમાં એકમેકની રાહ જોતા થોભશું, અને ત્યાંથી આપરે સાથેજ આપરા ઘરે આવશું. કેમ માંયજી, એમજ કર્યેની ?" રૂસ્તમે ઉલતમંદ થઇ જાણવા ચાહ્યું.

"માહારા વહાલા દીકરાઓ જેમ તમાંરી મરજી, તમારા બન્ને ભાઇઓનો જો એવોજ વીચાર છે તો બેલાશક આજેજ સીધારો." તે ગરીબ માતાએ અંતે લાચાર બનતાં જણાંવ્યું. તેવણ બીચારાં વધું તે શું કરી શકે? કારણ, આ બન્ને ભાઇઓ કેડે પણ નોકરી ચાકરી નહીંજ મળવાનાં સબબસર કંટાળાઇ અને નાસીપાસ થઇ ગયા હતા અને તેથી વધુંવાર હવે મુંબાઇમાંજ પડી રહેવાનું પણ તેઓ નાંમુનાસેબ ધારતા હતા.

આખરે ૪ થી જુનની સાંજનાં બરાબર સાતને અમલે આ બન્ને ભાઇઓ પોતાની માતાના, રોશનનાં અને દારાબદારૂ પંડકીનાં ઘણાં ઘણાં રૂડા આશીરવાદ લઇ તથા પરવરદીગારને યાદ કરતા આયંદે છુટા પડયા. છુટા જો કે પડયા તો ખરા પણ તેઓએ કરી રાખેલી ગોઠવણ મુજબ આ બન્ને ભાઇઓએ એકમેકથી ઉલટીજ દીશાએ જ્યાં જવાય ત્યાં પાક ખુદાનું નાંમ લઇ ચાલુ મુકયું.

ક્યાં જવું, કોણને ત્યાં જવું, અને શું કરવું તેનો કશો પણ વીચાર આ બન્ને ભાઇઓએ પ્રથમથી તો કર્યો હતોજ નહી.

વડો ભાઇ રૂસ્તમ પહેલાં તો કલાકએક સુધી અહીં તહીં વીચારમાં ને વીચારમાં ખુબ ભટકયો, પણ પાછળથી કાંઇ એકાએક યાદ આવી ગયું હોય તેમ સીદ્ધો વીકટોરયા ટરમીનસનાં સ્ટેશન ઉપર આવી ઉભો. ખબર કહાડતાં માલમ પડયું કે અરધાએક કલાકમાં મદ્રાસ–મેલ ત્યાંથી ઉપડી જનાર હતો. આ બન્ને ભાઇઓ પાસ કાંઇ એટલી બધી માંયા પુંજી પણ હતી નહી કે પૈસા ખરચી કોઇ સ્ટેશનની ટીકીટ ખરીદી શકે. મદ્રાસ–મેલ ઊપડી જવાની ફક્ત પાંચજ મીનીટ બાકી હશે તેવામાં રૂસ્તમ બેધડક ત્યાંનાં પ્લેટફોર્મ પર ઘુસી ગયો અને ટીકીટ કરાબો વગરજ

એનજીનની છેક પાસેનાં એક થર્ડ ક્લાસ કમપાર્ટમેન્ટમાં ઘુસી જઈ ત્યાં ઠર પડયો. તેને આગમજથી વીચાર તો કર્યોજ હતો કે મેલ–ટ્રેન કાંઇ બધાંજ સ્ટેશનો તો કરશેજ નહી પણ લાંબે લાંબે અંતરોનાં મોટાં મોટાં સ્ટેશનોએજ થોભશે એટલે ટીકીટ તપાસવા રાતનાં તો કોઈ આવનાર હતું નહી.

હવે જોગ ચોઘડયે બનાવ એવો બન્યો કે જે ધડપુછડાં વગરનાં વીચારો ફરતમનાં ભેજાંમાંથી પસાર થયા હતા તેજ—આબાદ તેવીજ ફીસમનાં તરંગો સોરાબનાં ચક્રભમ થયલાં ભેજાંમાં પણ ઉસકેરાઇ આવ્યા અને ત્યારે પરીણામ એ આવ્યું કે આ બન્ને ભાઇઓ એકમેકથી સદનતરજ અંજાણુ મેલ–ટ્રેનમાં પણ જુદા જુદા બોગીઓમાં ઠર પડી ચુકયા હતા. બન્નેએ વળી એમજ ધારી લીધું હતું કે સવારનાં પોહોરનાં ઝઝબલાંમાં કોઇબી સ્ટેશને ચુપચાપ ઉતરી પડશું એટલે વગર ટીકીટે મુશાફરી કરવા વીશેનો કોઇને પણ શક જાય નહી.

મદ્રાસ–મેલ ઘમઘમાંત પોતાંનો રસ્તો કાપતો આગળ ને આગળ વધતોજ જતો હતો, અને કલાકોના કલાકો ક્યાં ને કયાં ગબડી ગયા તે ઊંઘમાં ઝોકા ખાતા આ બન્ને ભાઇઓને જરાક પણ શહને માલુમ પડશું નહી. પણ પાછલી રાતે આસરે ચાર એકનાં સુમારે આખી મેલ–ટ્રેને એક જબરો ઝોક ખાધો અને જબરદસ્ત કડાકા અને ધડાકાઓ સાથ પુર ઝડપમાં દોડતી તે ટ્રેન એકાએક થંભ થઈ ઉભી. બોલ્યા બોલતાંમાં તો ત્યાં જબરો શોર બકોર થઇ રહ્યો. ગાડીઓમાં બેઠેલાં અને મોડી નીંદમાં પડેલાં સેંકડો ઉતારૂઓ એલાર પેલાર અફડાઈ ઝીંકાઈ ગયા. એક તરફથી ઝીલથાણુ અંધારૂં બીજી તરફથી કકડતી ઠંડી. બચ્ચાંઓ, મરદો તથા ઓરતોનાં રડવાનાં અવાજો—આ ગંભીર અકસમાતમાં સપડાઇ ચુકેલા કમનસીબ લોગોની દુઃખદાયક ચીચીઆરીઓ, ગભરાત અકરાટમાં પડેલી બાઇ બાવરીઓની રડારોળ અને સાંમતી રીતે જોતાં તે ખરેખરોજ એક પત્થરની છાટી ફાડી નાંખનારો તે ગજબનાક અને કમકમાત ભર્યો દેખાવ હતો, કેટલાક દબ્બાઓ તો આગનાં ભયાનક ભભુકામાં સપડાઇ ચુકયા હતા અને તે માંહેથી નીકલી પડતા ધુમાંડાનાં ગોટેગોટાઓથી ત્યાંનો દેખાવ જાણે ઓરબી ત્રાસદાયક લાગતો હતો. આ અકસ્માત એક બહુજ નાંનાં સ્ટેશન ઉપર બનવા પાંમ્યો હતો. સાંધાવાલાની બેદરકારીથી મેલ–ટ્રેને ખોટો માર્ગ પકડી લઇ ત્યાંજ ઉભેલી એક માલગાડી સાથ બહુજ જોરમાં

ટક્કર મારી દીધી હતી. પરીણાંમમાં આ બન્ને ગાડીઓનાં એનજીનોનો ચુરેચુરો થઇ જઈ એકમેક પર ચઢી ગયાં હતાં. વળી તે બન્ને એનજીનોમાં કાંમ કરતા માંણુસો ભચડાઈ કચડાઈ દાઝી બળી જઇ ત્યાંનાં ત્યાંજ મરણ પાંમ્યાં હતાં.

સોરાબ જે બોગીમાં બેસી ઝોંકા ખાતો હતો તે આ ધડાકા થતાંજ પોતાની બેઠક ઉપરથી સાંમી તરફ એકાએક અને ઓચીંતો ઉછળાઈ પડયો અને તુરતજ આ અકસમાંતનું ભાંન થતાંની સાથેજ પોતાના મરડાઇ મોચડાઇ ગયલા દબ્બામાંથી મહામુશ્કેલીએજ જેમ તેમ બહાર કુદી પડી જયાં અંગારનાં સોહલે સોહલા નીકળતા હતા ત્યાં યાહોમ ધસી ગયો. કોઈબી રીતનાં સારાં કે માઠાં પરીણાંમનો વીચાર અને દરકાર કર્યા વીના ભયંકર આગનાં ભભુકામાં પોતે નખાવી દઇ ઘણાંક મરદો, ઓરતો, તથા બચ્ચાંઓને તેને બહાર સલામત ખેંચી કાહડયાં. તે એક ખરેખરૂંજ જબરી હીંમત અને જોખમનુંજ કાંમ હતું જે સોરાબે પોતાનાં કીંમતી જાનની જરાક પણ પરવા કીધા વીના બજાવ્યું હતું. ઘણાંક કમનસીબોને ભાંગીને ચુરે થઇ ગયલા બોગીમાંથી પોતાંની પહોળી પીઠ ઉપર ઉંચકી લઈ બહાર સલામતી સાથ ખેંચી કાહાડવા તે શક્તીવાંન થયો હતો. જે બી કાંઇ આ ભલા સોરાબે કરી બજાવ્યું હતું તે ખરેખરજ તારીફ લાયક અને જાજરન વખાંણને પાત્ર હતુ. એક ફર્સ્ટ કલાસ બોગી જે આખ્ખો ઉછળાઇ પડયો હતો તેની છેક ભીત્તરથી કોઇનો ઘણોજ દુઃખ દાયક અવાજ સોરાબનાં સાંભળવામાં આવ્યો. જોકે અંધારાંને લીધે તે કાંઇ ત્યાંનું બરોબર જોઇ શકયો નહી, પણ તે ચોકશ જગ્યા તરફ જયાંથી અવાજ બહાર આવતો હતો તે ચોકશ જગ્યા તરફ ખુબ બારીકીથી નેગાહ પોંહચાડતાં તેને માલમ પડી આવ્યું કે તે પહેલા વર્ગની બોગી જે લગભગ આખી ઉછલાઇ જઈ પોચી જમીનમાં ગરક થઇ ગઇ હતી ત્યાંથી મદદને માંટે કોઇનો અતી દુઃખદાયક પણ અતી ઘણો દબાએલો અવાજ આવતો હતો. અતી ઘણી મુશ્કેલીથીજ ત્યાંનો કાટ બાજુએ હટાવી દઈ સોરાબ તે દબાઇ ચંપાઇ ગયલા શખસને બહાર સલાંમત ઉંચકી લાવ્યો, અને ખુબ બારીકીથી નીગાહ કરતાં તેને માલમ પડયું કે તે કોઈ બીચારો ઇંગલીશમેન હતો અને વળી જીવતોજ બચ્યો હતો.

"અરે ઓ ભલા પુરૂષ, અરે ઓ દયાળુ જવાંન, હું તાહરૂં ઘણુંજ મોટું અહેશાંન માંનુંછ. એક બાજી બી મારા ઉપર તું મેહરબાંની કર. અરે જો મારા ઉપર દયા કર, અને અંદર મારી બીચારી ધણીઆંણી

તેમજ મારી વહાલી દીકરી પણ અંદરજ સપડાયેલાં છે તેને બહાર કાઢી લાવ, મારા પોતાનામાં તો બીલકુલ તાકાત નથી કે હું તુંને મદદ કરી શકું એટલી મારા ઉપર દયા કર, ઓ દયા કર પ્લીઝ." પેલા કોઈ ગોરાએ ઘણી ઘણી આજીજી કરતાં સોરાબને જણાવ્યું.

"તમે જરાકબી થઇને ગભરાવો નાં, સાહેબ તમે હાંજ આય જગા પર પડી રહેવો. ખુદાનું ચાહવું છે તો હું તેઓને પણ મારાં જાનના જોખમે પણ જીવતાંજ બહાર ખેંચી લાવશ." આટલું કહેતાંજ જાણે જીવ પર આવી ગયલા સોરાબે ત્યાં ચુરો થઇ પડેલા કાર તરફ યાહોમ હોમાવ્યું અને મહા જહેમતેજ અને ઘણી મુશકેલીથીજ પહેલાં તો પેલા સાહેબની ધણીઆણીને ખાંધ ઉપર ઉંચકી લઇ સલામત બહાર લઇ આવ્યો. ત્યારબાદ તેટલીજ સખત જહેમતથી તેની છોકરીને પણ બહાર કાઢી લઇ આવવામાં ફતેહમંદ થયો. આ બન્ને મા—દીકરી ગભરાટનાં માર્યાં લગભગ હોશકોશ વગરનાંજ હતાં, જો કે તેઓ બીચારાં સખ્ત રીતે દબાણમાં આવી ગયાં હતાં ખરાં.

"ખોલો સાહેબ, જલદી ખોલી દેવો. અંદર બીજું બી કોઇ દટાયુંછ કે ? ઉતાવળ કરો સાહેબ, કારણ આ ચુરો થઇ પડેલી બોગી પણ આગમાં ઓય કરતી કે સપડાઇ જશે, જલદી બોલો પ્લીઝ." સોરાબે અતી ઘણાં ગભરાટ વચ્ચેજ જાણવા માંગ્યું.

"ઓ નહી નહી, મારા ભલા બચાવનાર, નહી, આખા આય ફર્સ્ટ ક્લાસમાં હમારા સીવાય બીજું કોઇબી નહી હતું." પેલા ગોરાએ તેનો ઉપકાર માનતા પોતાના દુઃખની કળતરો વચ્ચે જણાવ્યું.

પ્રકરણ—૩ જું.

ઉપલા આફતકારક અકસ્માતમાં પોતાનાં કુટુંબ સાથ સપડાઇ ગયલો આય કોઈ જવાન ઇંગલીશમેન મી૦ એમરસન સોલાપુર ડીસ્ટ્રીકટનો કલેકટર હતો. તે આઇ. સી. એસ. હતો અને તેની ઉમર માંડ માંડ ત્રીસ વરસની લાગતી હતી. થાણા જીલ્લામાંથી તેની બદલી થઈ હતી અને પોતાની ફેમીલી સાથ સહી સલામત સોલાપુર પહોંચી જાય તેની અગાઉ તો આ ગંભીર ટ્રેન અકસ્માતમાં બીચારો સપડાઈ ગયો હતો. અગર જો વેળાસર જવાન વીરલો સોરાબ તેઓની મદદે નહી આવી પહોંચ્યો હતે તો ગણું જણાં તે ભાંગીને ભુકો થઈ ચુકેલી બોગીનાં કાટમાંજ સેકાઈ ભુંજાઇ જઇ ત્યાંના ત્યાંજ કબરવાસ થઇ ચુકયાં હતે. તે સ્ટેશન હતુંજ એટલું નાનું અને એકાંત કે ત્યાંથી બીજાં માણસોની મદદ મેળવવી પણ મુશકેલી હતી. મી૦ એમરસનને કાટનાં દબાણને લીધે પીઠ પાછળ બહુજ વાગ્યું હતું. તેવણનાં ધણીઆણી જોકે સ્હેજબી ઇજા વગર સલામત બચી જવા પામ્યાં હતાં પણ અતી ઘણાં ગભરાતને લીધે થોડોકવાર બેસુદ્ધીમાંજ પડી રહ્યાં હતાં. તેવણની દીકરી ગ્લેડીશનો પગ સેહજ દબાણમાં આવ્યો હતો ખરો પણ તેની કળતરની મારી તેણી બીચારી બહુજ દયા ઉપજાવવા જોગ લાસવીસ કરતી હતી.

કલાક એક વીત્યા બાદ ત્યાંનાં કોઈ મરાઠા સ્ટેશન માસ્તરે આવી ખબર આપી કે આગળ વધનારા પેસેનજરો માંટે એક રીલીફ ટ્રેન આવી લાગી હતી તે માંહે બચી ગયલા ઉતારૂઓએ પોતાની જગ્યા લઇ લેવી. મી. અને મીસીસ એમરશન તો ત્યાં તુલીક જેમ તેમ અને અકરવકરેજ ચાલી જવાની શકતીમાં તો હતાં, પણ તેઓની બેટીથી ત્યાં તુલીક પોંહોચી વળાય તેમ ન હોવાને લીધે ભલા સોરાબે તેણીને પોતાનાં ખંભા ઉપર ઉંચકી લઇ અતી ઘણી સંભાળથી તેણીને નવી આવી લાગેલી ફસ્ટ—કલાસ બોગીની બેઠક ઉપર સેતાડી દીધી. જ્યારે જવાંન સોરાબે જોયું કે હવે તેનું ત્યાં કશુંજ વધુ કાંમ ન રહ્યું હતું ત્યારે તેને તેઓથી રજા ચાહી. પણ, મીસીસ એમરશને ઘણીજ આજરખ્વાઈ ભરી અરજ કરતાં સોરાબને તેમ કરતાં ઘણીજ જબરીથી અટકાવ્યો.

"ઓ દયાળુ જીગરનાં અને લાયકીવાલા ગૃહસ્થ, તેં હમારા ઉપર આટલો આટલો ઉપકાર કર્યો છ તે હવે પુરોજ કર ને હમારી સાથ

સોલાપુર ચાલ. આ ન ધારેલા બની ગયલા અકસમાંતની અસર હમારા મગજ ઉપર હજુણુ તુલીકની છે અને તેવી વખતે તું અગરજો હમુંને છોડી જશે તો ઑરથી હમારાં દુઃખમાં વધારો થશે. માટે તું હમારીજ સાથે હાલમાં તો આવ, કારણ હમારી સંભાળ લેનારૂં અમારી સાથ કોઇજ રહેશે નહી." મીસીસ એમરશને કાલાવાલા કરતાં માંગી લીધું. અને ત્યારે ન છુટકે તેઓને રાજીજ રાખવા આ ભલા જવાનને 'હા' ભણવુંજ પડયું.

રીલીફ ત્રેન ચાલુ થઈ ચુકયા બાદ તેઓ સર્વે જણાંઓએ ઘણી ઘણી વાતો કરી. જે કમનસીબ સંજોગો વચ્ચે સોરાબને રૂસ્તમને મુંબાઇ છોડવું પડયું હતું તે સોરાબને મોહડે સઘલી હકીકત સાંભળી, આ ભલાં ધણી–ધણી-આણીને બહુજ ઊંડાંણથી લાગી આવ્યું.

"જોવ, મી. સોરાબ મોદી, આપરો શુભ મેળાપ આ એક અકસ-માતથીજ થવા પાંમ્યો છે. તમારે કશી પણ રીતની ફીકર ધાસ્તી કરવી નહી. તમારે લાયકની મારી ઓફીસમાં ઘણી જગ્યાઓ ખાલી છે ત્યાં તમુને ઘણેજ સારે પગારે હું તમુને રાખી લઇશ. હું પોતે સોલાપુરનો કલેકટર છું, અને હું તારા આ ઉપકારનાં બદલામાં ઘણું ઘણું બી કરી શકીશ." મી. એમરસને સમજાવ્યું.

"તમારી ઘણીજ મોટી મેહરબાની સાહેબ. એવુંજ જો કંઈ થશે તો હું તમારા હક્કમાં સદા દુઆ દઇશ." સોરાબે ઉલતમંદ થઈ જવાબ કર્યો.

"નહી, મી. મોદી, તમારે એમ બોલવું નહી જોઇએ. તમોએ અમારા ઉપર એટલો તો મોટો ઉપકાર કર્યો છે કે અમે જે કાંઈબી તમારા હક્કમાં કરશું તે ઓછુંજ કરેલું કહેવાશે, પણ ત્યારે તમારો વડો ભાઇ કેઇ તરફ ગયો વારૂ ?" મી. એમરસને જાણવા ચાહ્યું.

"તે તો સાહેબ ખુદાનેજ ખબર ! અમે તો ૪ થી જુને ઘરથી છુટા પડયા છઇ તે પાછા ત્રણ વરસની મુદત પુરી થયે પાછા તેજ તારીખે અમો બન્ને ભાઇઓ એક બીજાંને મલશું ત્યારેજ માલમ પડશે." સોરાબે જણાંવ્યું. તેને બીચારાને શું ખબર કે તેનો વડો ભાઈ રૂસ્તમ પણ આજ મેલ–ત્રેનમાં મુસાફરી કરતો હતો ? આ રૂસ્તમ મોદીનું ત્યાંની ત્રેનનાં અકસમાત બાદ શું થયું અને તે કોણ સાથ અને વળી કયાં ગયો તે આગળ ચાલતાં માલમ પડશે.

જેવી આ રીલીફ ટ્રેન સોલાપુરના સ્ટેશન ઉપર આવી ઉભી ત્યારે

ત્યાના સર્વે મોટા ઓધેદારો ઘણીજ કાળજી તથા ઇંતેજારીથી મી. અને મીસીસ એમરસન આગળ દોડી આવી તેઓની માયાકુલ ખબર અંતર પુછવા પડયા.

જ્યારે તેઓએ ઘણુંજ ઓચંબા સાથ બધું જાણ્યું કે ટકોટક વખતે તેઓના જાન બચાવનાર આ પારસી વીરલો હતો અને તે જો વેળાસર ત્યાં હાજર ન હતે તો તેઓ ત્રણે પુરા થઇ ગયા હતે, ત્યારે ત્યાના સર્વે જણાઓ સોરાબને ઘણી વખાણુનીજ નજરથી જોતા થયા, અને દરેક જણાઓએ આ જવાનને ઘણી ઘણી શાબાશી આપી.

એક આખું અઠવાડયું નીસરી ગયું. જવાન સોરાબ માટે દરેક કીસમના કપડા લત્તાં વસાવવા માટે આ ભલા ટોપીવાલાએ એક સારી જેવી રકમ તેને તુરતા તુરત આપી હતી. અને તેના રહેવા માટેની સગવડ પણ હાલને કાજતો પોતાના બંગલામાંજ કરી હતી.

"મને સાંભળો મી. સોરાબ મોદી, સોલાપુર શેહેરમાં એક મારકેટ સુપરીનટેનડન્ટની એક જગ્યા ખાલી છે, તે હું તમુને આપવા માગુંછ. મહીને દીવસે સાડી ત્રણુસોનો પગાર તમુંને મળશે અને વળી બીજો દરેક એલાવન્સ મળશે. તમે સમજ્યાંની મી. મોદી?" એક દીવસ આ ભલા કલેકટર સાહેબે સોરાબને ઘણીજ માયાથી સમજાવ્યું.

"મેહરબાન સાહેબ, હું તમારો કોઇબી હુકમ મારા સીર પર ચઢાવવાને તૈયાર છું. તમો સાહેબે મારા ઉપર ઘણોજ મોટો ઉપકાર કીધોછ. હું મારા ગરીબ માતાજી ઉપર આ બધી વીગતો લખીશ ત્યારે તેવણુ કેટલાં ખુશી થશે તે હું કહી શકતો નથી." સોરાબે ઘણીજ આભારની લાગણીઓ સાથ જણાવ્યું.

"હા, મી. મોદી, હું હવે તેજ બાબદ ઉપર થોડુંક બોલવા માગુંછ, મેં તમારી બધી હકીકત સાંભળી છે. હું જાણુંછ કે તમો ઘણાજ ગરીબ છો પણ ઘણાંજ મોટા દીલના જવાન છો. આય લેવો, આ પાંચસો રૂપીઆ તમારા માતાજી ઉપર મોકલી આપો અને તમુંને વધું કોઇ રકમની જ્યારેબી આગળ જરૂર પડે ત્યારે વગર અચકાવે મારી આગળ આવજો, નહી ચુપ રહો—વચ્ચે કાંઇજ બોલતા ના." એમરસન સાહેબ જ્યારે આ બધું સોરાબને સમજાવતા હતા ત્યારે આ તેવણુની મેહરબાનીઓ માટે સોરાબ કાંઇ આભારનું બોલવા જતો હતો તેને એકદમ રોકી દેતા તેવણે પોતેજ

આગળ ચલાવ્યું. "વચ્ચે કાંઇજ બોલતા ના, મને પુરેપુરો સમજી લેવો મી. મોદી. તમોએ હમો ઉપર કરેલા ઉપકારના બદલામાં હું તમારે માટે જેબી કાંઈ કરીશ તે કમતીજ કહેવાશે. તમુંને તમારાં કામમાં કોઇબી રીતની અડચણ પડે, તો બેધડક મારી પાસ ચાલી આવજો. હાલ તુરત તો ગુડ-મોરનીંગ." મી૦ એમરસને પોતાનું બોલવું અત્રે પુરૂં કર્યું, અને સોરાબ તેવણુની ઓફીસમાંથી અતીઘણો સંતોષ પામેલોજ બહાર પડયો.

*　　　　*　　　　*


આ બન્ને ભાઇઓ,—રૂસ્તમ અને સોરાબ મુંબાઈ છોડી ગયા બાદ પંદરમે દીવસે એક રજીસ્ટર્ડ કવર બચુબાઈ મોદીને તેવણુનાં દીકરા સોરાબ તરફથી મળ્યું. તેને પાંચસો રૂપ્યા પોતાની ગરીબ માતા ઉપર મોકલી આપ્યા હતા. તે નીચે મુજબ લખતો હતોઃ—

મારાં મુરબ્બીજી વ્હાલાં માતાજી,

તમારી નેક દુઆશી ફકત એક ન ધારેલા સંજોગથીજ મને એક ઘણીજ સરસ નોકરી મલી ચુકીછ. આજે પાંચસો રૂપ્યા તમો માતાજી ઉપર મોકલું છું અને એજ મીસાલ દર મહીને ત્રણુસો રૂપ્યા માહરા તરફથી મલ્યા જશે. આ નવી નોકરી મને કેમ મલવા પાંમીછ તે પછી જણાવીસ. હમારી રોશનને ઘણી ઘણી દુઆ-સલામ કહી તમો મુરબ્બીજી માતાજી પણ કબુલ કરજો.

લી૦ તમારો સદાનો તાબેદાર દીકરો "સોરાબ"

ફક્ત પંદર દીવસની ટુંક મુદતમાં પોતાનાં બેટા તરફથી આવી ખુશ ખબર જાણી આ ગરીબ માતા કેટલી ખુશી થઈ હશે તે અત્રે લખ્યા વીનાં ચાલશે.



પ્રકરણ—૪ થું.

આપણે ઉપર વાંચી આવ્યા તેમ સોરાબનો વડો ભાઈ રૂસ્તમ જે પણ તેજ મેલ-ટ્રેનમાં પછવાડેની બોગીમાં મુસાફરી કરતો હતો તેનું શું થયું અને તે કયાં જવા પાંમ્યો તે હવે આપણુને જાણુવાનું અને તપાસવાનું છે.

હવે રૂસ્તમ મોદી પોતાના ભાઈ સોરાબની માફક તેજ મેલ–ટ્રેનમાં, પણ પાછળની જુદીજ બોગીમાં ગોઠવાઈ ગયો હતો તે આખી બોગીને પણ બહુજ ગંભીર નુકશાન પોંહોચ્યું હતું, અને તે આખો દબ્બો એમનો એમ ઉથલાઇ પડી બાજુમાં ઉડી જઇ પડયો હતો, અને તે માંહેલા ઘણાંક કમનસીબ ઉતારૂઓ તો બચડાઈ કચડાઈ અને અફડાઇ ઝીંકાઇને બીચારા ત્યાંનાં ત્યાંજ પુરા પણ થઈ ગયા હતાં. તે આખી બોગીમાંથી ફક્ત દસ કે બાર જણાંજ દૈવયોગે બચવા પામ્યા હતા જે માહેલો એક રૂસ્તમ પણ હતો. તેને પણ પોતાનાં ભાઈ સોરાબની માફક ઘણાંક કમનસીબ ઉતારૂઓ જેઓ ત્યાંનાં કાટ હેઠળ દબાઈ ચંપાઈ ગયા હતા તેઓને ઘણીજ વખાંણવા જોગ હીંમતથી અને બહુજ જીવતોડ મહેનત કરીને બહાર સલાંમત ખસડી તાંણી કાહડયાં હતાં. આ ભલા જવાંને પોતાની શક્તી કરતાંએ જાસ્તીજ મેહનત કરી હતી અને છેવટે આ પરોપકારી વીરલો જયાં થોડાક બચી ગયલા પુરૂષો જેઓને રૂસ્તમેજ બચાવી લીધા હતા તેઓ સખત ઠંડીને લીધે અંગારની આજુબાજુ તાપણું કરતા બેઠા હતા ત્યાં પોતે પણ જઇ ગોઠવાઇ ગયો.

"ઓ બહાદુર શખ્સ, તેં બહુજ વખાણવા જોગ મેહેનત કીધી છે. અમે તો એવા મજબુત અફડાઇ ઝીંકાઈ ગયા છીયે કે તુંને મદદનો હાથ આપવાને ગભરાટ અને વાગેલા મારને લીધે હમારામાં બીલકુલજ શક્તી રહી નહી," તેઓમાનાં એક રૂસ્તમને જણાંવ્યું.

"ખરેખર બહુજ ખોટું થયું. આ સ્ટેશન છેજ એટલું નાનું કે કોઇબી રોતની મદદ મેળવવી પણ મુશકીલનું કામ છે. ભાઇઓ, તમો સર્વે જણાંઓ કયાં જનાર હતા?" રૂસ્તમે પુછયું.

"અરે ભાઈ, હમે તો બીજાંજ સ્ટેશને ઊતરનાર હતા, પણ હવે તો હાંથીજ હમો હમારે ઠર ઠેકાંણે પગ વાટેજ ચાલી જઇશું. આ સ્ટેશનથી પણ ચાલી જતાં હમુને કાંઈ જાજો ફેર પડનાર નથી. પણ બાઇસાબ તમે કયાં જનાર હતા?" બીજાએ હવે પુછયું.

'અરે ભાઇઓ, મારૂં કાંઇજ ચોકસ હતું નહી. હું તો કોઈ કાંમ ધંધો મળી જાય તે શોધવાની મકશદથી મુંબાઇથી કંટાળી જઇ કોઈ કંઠે બહારગાંમ નસીબ અજમાવા ન છુટકે નીકલી પડયો છું." રૂસ્તમે સાફ જણાવી દીધું.

"અરે ત્યારે તો ભાઈ તું પણ હમારી સાથેજ ચાલ. તું હમુંને ઘણોજ કાંમનો થઈ પડશે. તારી હીંમત અને તારાં મજબુત બળની હમોએ પુરી કશોટી કરી જોઇ છે, તારા જેવા એક ઝોરમંદ જવાંનને હમારા સરદાર જરૂરજ પસંદ કરશે. બોલ ભાઇ, તારે હમારી સાથ ચાલવું છે?' પહેલાએ પાછું પુછયું.

"તમે જ્યાં લઇ જશો અને જેબી કાંમ ફરમાવશો તે ખુશીથી બજાવીશ. પણ તમારા લોકોનું કાંમ શું છે તે મેહરબાંની કરી જણાંવશો?" રૂસ્તમે જાણવા ચાહયું.

"જો ભાઈ સાંભળ, હમારો ધંધો તો લુટફાટ કરવાનો છે. હમારૂં ઠરેઠેકાણું જંગલની છેક ભીતરમાં છે. તુંને તે પસંદ પડશે? બોલ." પેલા કોઇએ જણાવ્યું.

"જેબી કાંઈ હોય, તેની મને જરાક પણ પરવા નથી. કોઇબી જાતનું ગદ્ધાવઢીત્રું કરવા હું ખુશીથી તૈયાર થઇશ. નેકીની રાહે ચાલતાં મને કશોજ ફાયદો હાંસલ થયો નથી, અને ભાઇઓ હવેજ હું સમજતો થયોછ કે ભલાંની આય દુન્યાજ નથી." રૂસ્તમે જણાંવ્યું.

"ચાલો ભાઇઓ ત્યારે હવે આપરે ચાલુ મુકી દઇયે. ઉજાસ પણ પડવા આવ્યો છે, અને થોડાક વખત સુધીમાં તો આપણે આપણા મઠક પોંહચી પણ શકશું." બીજાએ હવે જણાવ્યું.

તેઓ બધા મળીને ચાર જણા હતા તે માહે રૂસ્તમ પણ હવે ઉમેરાયો. બધાંઓએ ત્યાંથી પગવાટથીજ ચાલુ મુકયું, અને લાગટ બે કલાકો સુધી આગળને આગળ વધ્યા બાદ એક બહુજ નાના ગામડાં આગળ તેઓએ થોડોક વીસામો લીધો, અને ત્યાંજ થોડુંક સુકકું પાકકું ખાઈ જમી લઇ, વાતચીત કરતા વધું અને વધું આગળ ચાલવા માંડયું. તેઓની વાતચીત ઉપરથી રૂસ્તમે એટલુંજ અનુમાન કર્યું હતું કે તેઓ સર્વે જણાઓ લુટારાઓની એક મોટી ટોળી માહેલા થોડાક સભાસદો હતા. અને તેઓ કોઈ પોતાના ઘણાંજ ખાનગી કામ સારૂં, કલ્યાણી આવ્યા હતા. જેમ જેમ તેઓ આગળ વધતા હતા તેમ તેમ રૂસ્તમને માલમ પડયું કે તેઓ ઘણાંજ ગીચ અને એકાંત જંગલોમાંથીજ પસાર થતા હતા. આખરે સુરજ અસ્ત પામી ચુકયા બાદ તેઓ એક બહુજ ભાગા તુટી જેવા દેખાતા કીલ્લા તરફ આવી લાગ્યા. બે ઉંચા પહાડોની કઢણો વચ્ચે આ કોઈ

અસલના પેશવાઓના વખતનો પડત કીલ્લો હતો. તે હતો તો બહુજ મજબુત અને ગંજાવર, પણ ચાલુ મરામતની ગેરહાજરીને લીધે તે હાલમાં પડત હાલતમાં હોય તેમજ લાગતું હતું. જે વખતે રૂસ્તમ તેઓની ટોળકી સાથ ત્યાં આવી લાગ્યો ત્યારે તેને માલમ પડ્યું કે આ પુરાણા કીલ્લામાં હજી બીજા દસથી બાર ભીલ જેવા દેખાતા પુરૂષો પોતાના હથીઆરો સાફ કરવામાં રોકાયલા હતા.

રૂસ્તમને આ ટોળકી સાથ આવેલો જોઇ ત્યાં બેઠેલા સર્વે જણાઓ બહુજ અચરત થયા અને એક બીજાનું મોઢું જોવા લાગ્યા.

"કેમ ઇક્રામખાન, તમે આવ્યા? કોઈ નવો શીકાર સપડાયોછ કે?" તેઓ માહેલા એકે પુછ્યું.

"ના ભાઇઓ, એ કોઈ નવો શીકાર નથી. પણ આપણી ટોળીમાં સામીલ થવાની મકશદથી એ આવેલો છે. એ બીરાદરની બહાદુરી અને હીંમત જોઈ હમો સર્વે તાજુબ થઈ ગયા હતા." અને મેલ-ટ્રેનનાં અકસ્માંત દરમ્યાન રૂસ્તમની તારીફલાયક અને કરેલી જીવતોડ મેહનત વીશેનું જ્યારે આ ઇક્રામખાંને બયાન કર્યું ત્યારે ત્યાંનાં સર્વે જણાંઓ બહુજ ખુશ થયા.

"એ બીરાદરને આપણાં સરદાર સાહેબ આગળ લઈ જા. એનો જબરો કદાવર બાંધો જોઈ તેવણ જરૂરજ ખુશી થશે," એકે જણાવ્યું.

"બીરાદર રૂસ્તમ, આજે રાતનાં તો આપરે અત્રેજ આરામ કરશું. પણ આવતી કાલે સહવારનાં હું તુંને હમારા સરદાર પાસ હાજર કરીશ." ઇક્રામખાંને જણાંવ્યું.

રૂસ્તમે, ટક મળતાં તે પડત પડેલા કીલ્લાને ફકત ઉપર ટપકેથી જોઈ લીધો. કીસમ કીસમની બંદુકો, જાત જાતના લાંબા અને ટુકા ભાલાઓ, ઢાલો, તલવારો વીગેરે વીગેરે અનેક કીશમનાં જીવલેણ હથીઆરો ત્યાં મોજુદ હતાં. વળી ખાદ્ય ખોરાકીનો જથ્થો તેઓ પાસ એટલો તો બેશુમાર હતો કે રૂસ્તમ તે જોઇને તાજુબ થયો. વળી તે કીલ્લાનાં એક પાછલા ભાગમાં ગંજાવર કદનાં અને તેજી ચાલનાં ઘોડાઓની જાંએ અલગાર ઉભી હતી. વળી ત્યાનાં એક ગોખલામાં શરાબનાં શીશાઓ ભરીને તૈયાર રાખવામાં આવ્યા હતા. તેઓ સર્વે જણાંઓએ તે રાતે એકજ સુદરે બેસી પોતાનું જમણ કરી લીધું. તેઓનાં ખોરાકમાં મોટે

ભાગે તો શીકાર કરેલાં હરણો અને સસલાંનું ગોશ હતું. ખાણું ખતમ થયા બાદ તેઓ સર્વે જણાંઓએ ત્યાંજ ઘાંસનાં બીછાંણાંઓ ઉપર આરામ કર્યો.

બીજે દીવશે સુર્યનારાયણનાં તેજસ્વી કીરણો ચમકે તેની અગાઉ તો તેઓ પોતાનાં સરદાર આગળ હાજર થવા ઘોડેસ્વાર થઇ નીકળી પણ ચુક્યા. રૂસ્તમ જોકે પહેલ વહેલોજ ઘોડા ઉપર સવાર થયો હતો તો પણ તેને કોઇપણ રીતનો ડર લાગ્યો નહી. રૂસ્તમના જોડીદાર તરીકે આ વેળાએ ફક્ત ઇક્રામખાનજ રહ્યો હતો. જે રસ્તેથી તેઓ આગળ વધતા હતા તે [illegible] વેરાંન અને અતી ઉજડ જગ્યા હતી. માનવી જાતનું ત્યાં નામ નીશાન ન હતું નહી. થોડેક ઠેકાણે તો અસલવારેના પડત [illegible] અને બહુજ જુના પુરાણા અને જમીનદોસ્ત થઇ ચુકેલા મંદીરોજ [illegible] દેખાતા હતા. છેક સાંજ થઇ ચુક્યા બાદ એક પહાડના [illegible] તેઓ આગળ ઉપર વધ્યા અને રાત પડે તેની અગાઉ [illegible] કોતરેલા એક ભયાનક ગુફા આગળ આવી પોહોંચ્યા [illegible] પહેલો પોતાના ઘોડા ઉપરથી ઉતરી પડયો.

"બીરાદર રૂસ્તમ, તું હવે ઘોડા [illegible] અને આવ મારી સાથ, હું તુને હમારા સરદાર પાસ [illegible] જણાવ્યું, અને તેઓ [illegible] થેજ તે ગુફાની ભીતરમાં [illegible]

પ્રકરણ—૫ મું

અફસ [illegible] એથી જેન [illegible] રીતની ઉત્તમ કારીગીરીથી તે પહાડના પેટામાં [illegible] થી કોતરી કાઢવામાં આવ્યો હતો. વળી તે ગુફ [illegible] જુદા ખંડો બનાવવામાં આવ્યા હતા. આવા ખંડો [illegible] એક કોઇ બહુજ વૃધ્ધ વયનો પુરૂષ એક નરમ ગાદલા [illegible] સી હુકકો ગગડાવતો હતો. [illegible] અને રૂસ્તમે [illegible] સાથેજ નમીને તેને સલામ કીધી.

"કેમ ઇક્રામ, [illegible] આવ્યો? તારી સાથ [illegible] કોણ છે ભલા?" સરદારે [illegible] પુછયું.

"જી હા સરદાર આપણું કામ હું પાકકુંજ કરી આવ્યોછ," આટલું કહેતાં ઇક્રામખાને કોઇ ખાનગી દસ્તાવેજોનું એક બંદલ તેવણુના હ.થમાં પાસ કર્યું અને રૂસ્તમને લગતી તમામ વીગતો તપસીલવાર કહી સંભળાવી.

"અરે નવજવાંન સખ્શ તારે લગતો અહેવાલ સાંભળી હું ખરેજ ખુશી છું. તું હમારી ટોળીમાં ખુશીની સાથ સામીલ થઇ શકશે. થોડાક મહીનાં હું તુંને આ ઇક્રામખાનનાં હાથમાં સોંપું છું. એ તુંને દરેક વાતે માહીતગાર કરશે, હું પણ એક વખતે તારાજ જેવો કદાવર બાંધાનો અને જબરદસ્ત દેખાવનો હતો. પણ હવે તે આગલી તાકાત મારામાં રહી નથી. તુંને હમારી ટોળીમાં સામીલ થવાનું કારણ શું?" તે વૃધ સરદારે જાંણવા માંગ્યું. અને ત્યારે રૂસ્તમે પોતાને લગતી તમામ હકીકત વીગતવારે કહી સંભળાવી. એક કોઈ લફંગો જમશેદજી વખારયા નામનો પારસી તેનાં આઠ હઝાર રૂપીઆ કેમ હજમ કરી ગયો હતો તે પણ આ સરદારને અફ્‌શોસ સાથ જણાંવી દેવાને રૂસ્તમ ચુકયો હતો નહી.

"તેની તારે કશીજ ફીકર કરવી નહી. થોડાક મહીનાંમાં ઇક્રામખાંન કંઈ ખાંનગી કાંમ સર મુંબાઈ જનાંર છે. તે કમીનાં પારસીનું બરોબર ઠર ઠેકાણું અને તેનાં દેખાવનું વર્ણન આપશે તો મારો બહાદુર ઇક્રાંમ તેને કાઇબી જહાનમમાંથી પણ શોધી કાઢી કોઈ ઠગાથી આ પારસીને અત્રે ખેંચી લાવશે. અને તેની સેઠેથી તારી તે રકમ કેવી રીતે પાછી મેળવવી તે હું તુંને પાછળથી જણાંવીશ." તે વૃધે રૂસ્તમને સધ્યારો આપતાં જણાંવ્યું.

જવાન રૂસ્તમને આ ધાડપાડુઓની ટોળીમાં સામીલ થયાને આખા છ માસ આસાની સાથ પસાર થઇ જવા પામ્યા, ઇક્રામખાંનનાં હાથ તળે દરેક રીતની તાલીમ લઇ રૂસ્તમ એટલો તો પાવરધો બની ગયો હતો કે આ તેનો સાથી પણ બે ઘડી હયરત થઈ ગયો. બંદુકની આબાદ નેમ તાકવામાં, ભાલો ચલાવવામાં, તલવાર સાથની પટાબાજી ખેલવામાં, ઘોડેસ્વારી કરવામાં અને બીજી દરેક બાબદોમાં તેને કમાલજ કરી બતાવી એમ કહેવામાં જરાક પણ ખોટું નથી. વળી ત્યાંના જંગલની ખુલ્લી હવામાં આવી આવી જાતોની કસરતો મળવાથી તેનો દેખાવ ઍારબી જાણે એક પીલટન પહેલવાંન જેવોજ લાગતો હતો. વળી તેને ટુંમકી દહાડી રાખી હતી અને તેનો કદાવર અને જબરદસ્ત દેખાવ એટલો તો ફેરવાઇ ગયો હતો કે

આવી તેની હેરફેર હાલત વચ્ચે તેની સગી માં પણ તેને આજે પીછાંણી શકે નહી !

તે ખાસ કરીને ગરીબ ગુરબાંઓ, નાતવાનો અને બાઈ બાવરીઓને જરાક પણ થઈને તેઓની લુંટફાટ કરી હેરાંન પરેશાંન કરતો નહી. પણ અગરજો કોઈ હરામીપણું કરી તેની સામે થતા તો તેઓની કમબખ્તીજ કરી નાંખી તેનો તમાંમ અસબાબ લુંટી લઈ તેઓનાં પુરા બાર વગાડી દેતો હતો.


"તારી બહાદુરીનાં વખાંણ સાંભળી હું ખરેજ ખુશી છું. એક વખતે હું પણ તારાજ જેવો હતો." તેનાં વૃધ સરદારે રૂસ્તમને જણાંવ્યું. "હાલમાં મારી ઉમર નેવું સાલની થવા આવી છે. આ દુન્યાંમાં હવે હું થોડાજ વખતનો પરોણો છું. પસ્તાવાનો કીડો મારૂં ઘરડું જીગર કોત્રી ખાય છે. અને હવેજ હું ખરેજ મને પીછાંણતો થયો છું કે પરવરદીગાર જેવી કોઈ ચીજ હસ્તી ધરાવે છે ખરી ! હાલમાં હું મારો મોટો ભાગ ખુદાતાલાની ભક્તીમાંજ પસાર કરૂં છું. આ પાપી પેસાથી હું હવે બીલકુલ કારેગ થવા માંગું છું અને મારી આ જગ્યા હું તુંને સુપરદ કરી જાઉં છું. મારા રસાલાનાં તમાંમ માંણસો મારાં મત સાથ મળતાં થયાં છે અને સર્વાનુંમતે તુંને પોતાનાં સરદાર તરીકે સ્વીકારવા તેઓ ખુશીથી તૈયાર થયા છે. આપણો પાપ આથ પાસેનાંજ ભોંયરામાં એટલો તો માલ અને ખજાનાનો ભંડાર ભર્યો છે કે તે તમો સર્વેને ખાતાં ખુટે તેમ નથી. એની વ્યવસ્થા કેમ કરવી એ હું તારીજ મુનસફી ઉપર સોંપું છું. કારણકે તારી ઉપર મારો પુરો ઈતબાર છે. એટલા માંટે—"

હજુન તો આ ઘરડો સરદાર પોતાનું બોલવું પુરૂં કરે તેની આગમજ એક ઘોડેસ્વાર ત્યાં જોશ બંધ હાંકતો હાંકતો દોડી આવ્યો અને પોતાનાં સરદાર સાંમે કુરનસ બજાવી ખડો રહ્યો.

"મેહરબાંન સરદાર, આપણી સરહદની અંદર પાસેનાં કસ્બાવાલી ધાડપાડુઓની એક મોટી ટોળી ધસી આવી છે અને ત્યાંથી પસાર થતી એક લગનની જાનને તેઓએ જબરદસ્તીથી રોકી દઈ તેઓને લુંટવાની પેત્રણ કરે છે. તેઓની તમાંમ ઓરતો તથા નાંના બચ્ચાંઓને હાથ પગથી બાંધવામાં આવ્યાં છે, અને તેઓનાં મરદોનો પણ બહુજ બદતર હાલ કર્યો છે. આપનો શું હુકમ છે, સરદાર સાહેબ ?" પેલાએ જાણવા ચાહ્યું.

"બહાદુર રૂસ્તમ, તું આ સવાર સાથે ફોરન ત્યાં જઇ પહોંચ અને આ રસાલાની તમામ ઓરતો, મરદો, અને તેઓનાં બાલ બચ્ચાંઓનો છુટકારો કર, અને આપણાં આ દુશમન લુટારૂઓને બાંધી પકડી લાવી મારી સનમુંખ હાજર કર." તે વૃધ સરદારે ફરમાવ્યું.

રૂસ્તમ આ હુકમ સાંભળી તુરતજ સર્વે સામગ્રી સાથ ઘોડેસ્વાર થઈ તૈયાર થઇ ગયો, અને બન્ને સવારો ત્યાંની સરહદની ઉપર જ્યાં બીજી બાજુની લુટારાઓની ટોળી ત્રાસ વરસાવી રહી હતી ત્યાં વીજળીક વેગે દોડી પોંહોચ્યા.



પ્રકરણ—૬ હું.

આખરે દીલાવર રૂસ્તમ અને તેનો સાથી તે લુટફાટવાળી જગ્યા ઉપર આવી પોંહોચ્યા. તે જગ્યા ઉપર તેઓ પંહોંચે તેની અગાઉ રૂસ્તમે દુરથીજ તપાસી લીધું હતું કે ત્યાંથી પસાર થતી લગનની જાનમાં સામીલ થયલાં ઘણાંક મરદો, ઓરતો અને નાનાં બાલ બચ્ચાંઓ હતા. બીચારા સર્વે મરદોનાં હાથ પગ બાંધી રૂંધી દઇ હારેહાર ઉભા રાખ્યા હતા, અને તેઓની સાથવાળી ઓરતોનાં આંગ ઉપરથી જબરદસ્તીથી ઘરેણું ગાંઠાઓ ખેંચીતાણી કરી કાઢવામાં આ દુશમન ટોળીનાં બદમાશો મશગુલ થઇ ગયા હતા. રૂસ્તમ તથા તેની સાથવાળાને દુરથી આવતાં જોઇ પહેલાં તો તેઓ પોતાનીજ ટોળીને લગતા હોય એમ તેઓએ માની લીધું. પણ જ્યારે વીરલા રૂસ્તમે આવતાંની સાથેજ પોતાનાં ભાલાની ધારદાર નોકથી એકને ત્યાંનો ત્યાંજ સુવાડી દીધો ત્યારે આ સામી બોરદુવાલાઓ પેલી ઓરતોને પડતી મુકી સામતાજ રૂસ્તમ તથા તેનાં જોડીદાર ઉપર તુટી પડયા. સુભાગ્યે જે વખતે દુશમનોએ આ લગનની જાન ઉપર દરોડો પાડયો હતો તે વખતે તેઓએ પોતાનાં હથીઆરોને એક બાજુએ રાખ્યાં હતા. આ સોનામોહોર જેવી તકનો અચ્છો લાભ લઇ રૂસ્તમ તથા તેનાં સાથીએ બહુજ આસાનીથી તેઓને જેર કરી શકયા હતા. તેઓ આસરે દસથી બાર જણાં હતા તે માંહેથી આ ઝપાઝપી દરમ્યાન ત્રણથી ચાર જણાંઓ તો ત્યાંનાં ત્યાંજ પુરા થઇ ગયા હતા. જ્યારે બાકીનાંઓ પોતાનાં હથીઆરો તેમજ લુટથી મેળવેલો માલ ત્યાંજ પડતો મુકી દઇ ઘોડેસ્વાર થઇ ગભરાટનાં માર્યા જીવ લઇ નાહાસી છુટયા.

આ લગનની જાનમાં સમાયલા સર્વે મરદો તેમજ ઓરતો બેલગાડીમાં બેસી આગળ વધતા હતાં. આ ખુનખ્વાર લડાઇ થતી જોઇ ત્યાંની નવજવાન અને ખુબસુરત બાળાઓ પહેલાં તો બહુજ આકરી ગાભરી બની ગઇ. પણ જ્યારે તેઓની સાથવાળા નીર્દોષ મરદોનો છુટકારો કરવામાં આવ્યો ત્યારેજ તેણીઓ રૂસ્તમ અને તેનાં સાથી તરફ ભારે ઉપકારનીજ લાગણીઓ સાથ જોવા પડી ગઇ.

તેઓમાંના એકે જણાવ્યું. "ઓ ભલા ભાઇઓ, હમો સર્વે જણાઓ તો બાજુએ રહ્યા, પણ હમારી સાથે એક બચારો જૈફ બ્રાહ્મણ પણ નાસીક જવા સારૂ સામીલ થયલો છે તેને પણ—આ દયાહીણ દીલનાં લુટારૂઓ હેરાન કીધા વીનાં ચુકતા નથી." બીજા એકે હવે જણાવ્યું.

"ઘણુંજ ખોટું થયું પણ હવે કોઇપણ રીતની ધાસ્તી રહી નથી. હું તમારા રસાલા સાથ થોડાક ઘોડેસ્વારો આપું છું તેઓ તમે સર્વે જણાંઓને આ વેરાણ જંગલમાંથી સલામત બહાર છોડી આવશે." રૂસ્તમે તેઓને સધ્યારો આપતાં જણાવ્યું અને તે ત્યાંથી પેલા જૈફ બ્રાહ્મણને તપાસવા તે તરફ ફર્યો. તે કોઇ પાક પરહીઝગાર જેવો દેખાતો પુરૂષ એક પાલખી રોકી ગાડીમાં ગોઠવાયલો હતો.

"પરમેશ્વર તુંને સલામત અને સુખી રાખે. તેં આજે એક ખરૂંજ પુણ્યનુંજ કામ કર્યું છે. તેં કરેલા ઉપકારના બદલામાં હમારી પાસે કોઇ એવી કીમતી વસ્તુ નથી કે હમે તુંને તે બક્ષીસ કર્યે, પણ તે છતાં આ લે." પેલા બ્રાહ્મણે આટલું કહેતાં પોતાની ઝોળીમાંથી એક નાની ડબ્બી બહાર ખેંચી કાહડી. "આ લે પુત્ર, આ એક જંગલની જડીબુટ્ટી છે. ઘણાંક વરસોની વાત ઉપર હું જ્યારે હીમાલયનાં પર્વતો તરફ ગયો હતો અને ત્યાંના એક મોટા યોગીનો ત્રણ વર્ષ સુધી ચેલો બન્યો હતો તેની બરકતથી આ જડીબુટ્ટી બનાવતાં હું શીખ્યો છું." રૂસ્તમના હાથમાં પેલા બ્રાહ્મણે એક નાની ડબ્બી પસાર કરતાં કહ્યું

"પણ મહારાજ, આ જડીબુટ્ટી શા કામમા આવે છે? અને એનો ઉપયોગ કેવી રીતે થઇ શકે છે?" રૂસ્તમે તે ડબ્બી ખોલી જોતાં તેની અંદર ગુલાબી રંગની ભુકી હતી તે જોઇ તપાસી પેલા જૈફ બ્રાહ્મણને પુછ્યું.

"પુત્ર, હરએક પ્રકારની બીમારી ઉપર આ ચમત્કારીક ભુકી તને કામ આવશે. હવે, એનો ઉપયોગ કેમ કરવો તે પુર્ણ લક્ષથી મને સમજી લેજે. એક નાની સુઇ (સોય) ની માત્ર સુક્કી અણી આ ભુકીમાં બોસી

દઈ તેને એમની એમ એક લોટા ભર પાણીમાં હલાવી નાંખજે અને તે પાણીજ માત્ર કોઇપણ પ્રકારના દર્દથી પીડાતા દરદીને પીવા માટે આપવું. ભગવાનની ઈચ્છા હશે તો પેલો દરદી વગર હરકતે સાજો તાજો થઇ જશે. શરીરનાં અંદરના તેમજ બહારના ભાગો ઉપરનાં કોઇપણ પ્રકારના દર્દો ઉપર આ બુકીનું માત્ર પાણીજ પોતાની ચમત્કારીક અસર દેખાડશે."

"આ તમારી આપેલી કીમતી ભેટ હું ઘણાંજ મોટા માન સાથ સ્વીકારૂં છું બાવાજી," રૂસ્તમે આભારની લાગણીઓ સાથ જવાબ કર્યો.

"કલ્યાણ હો, કલ્યાણ હો બેટા. પણ એક ચીજ ખુબ યાદ રાખજે, આ વિચીત્ર બુકીને તારા હાથનો સ્પર્શ થવા દઇશ-મા, પણ સુદની ફકટ નોકથીજ તેનો ઉપયોગ કરજે." પેલા વૃધ્ધ બ્રાહ્મણે રૂસ્તમને તાકીદ કરતાં જણાવ્યું. "પુત્ર, હવે અમને આગળ વધવા માટે કૃપા કરી તારી ખાત્રી પુર્વક બંદોબસ્ત કરી આપ કે જેથી હમો હમારી મુસાફરી શરૂ કર્યે."

આ સાંભળતાંજ રૂસ્તમે એક બંદુકનો બાર હવામાં છોડયો જેના જવાબમાં પાચ છ ઘોડેસ્વારો દુરથી દોડી આવતા માલુમ પડયા અને રૂસ્તમ આગળ અદબથી થોભ્યા.

"અય માહારા બહાદુરો, આ રસાલાને ઘણીજ સંભાળથી દોરાવી લઇ જઇ આપણી સરહદની છેક બહાર સહીસલામત છોડી આવો." રૂસ્તમે તેઓને જણાવ્યું.

જ્યારે આ જવાન વીરલો રૂસ્તમ પોતાનું સર્વે કામ સમાંધાની સાથ પાર ઉતારી પોતાંનાં સરદાર આગળ હાજર થયો અને સર્વે કેફીઅત તે જૈફ પુરૂષને કહી સંભળાવી ત્યારે તે બહુજ આનંદ પાંમ્યો.

"તારી દલેરી માટે તુંને ખરેજ ધન્યવાદ ઘટે છે. વધુમાં હું તુંને એમ કહેવા માગતો હતો કે આવતી કાલે મારાં કોઈ ખાંનગી કાંમ સુર ઇક્રામખાંન મુંબાઇ જનાર છે. તું પેલા દગલબાઝ પારસીનો પત્તો બરોબર આપજે, દોઝખનાં ખુણાંમાંથી પણ એ મારો બહાદુર એ કમીનાંને શોધી કાઢી એને અતરે પકડી લઇ આવશે અને આપણે એને એક અચ્છો ધડો બેસાડી શકીશું. ઇક્રામને ચેતાવજે કે ખરચની કાંઇજ વાંધો નહી કરે. શું કરવું અને શું નહી તે એ બરોબર સમાલી લેશે. તું કાંઇબી ફીકર કરતો નાં. ઇક્રામખાંનને તું મારી આગળ મોકલી આપ, હું તેને બધું સમજાવી દઇશ" સરદાર સાહેબે રૂસ્તમને જણાંવ્યું.

"જેવી આપની આજ્ઞા, નાંમવર સરદાર." રૂસતમે નમીને કહ્યું.

પ્રકરણ—૭ મું.

"જી, આપ સાહેબનું નામ જમશેદજી વખારયા છે?" એક કોઈ ઘણુંજ કીંમતી પોષાકમાં સજ્જ થયલા પુરૂષે આ જમશેદજી વખારયાની મુલાકાત લેતાં પુછ્યું.

"જી હા સાહેબ, કેમ મારૂં શું કામ પડયુંછ વારૂ?" જમશેદજીએ પેલા શખ્શ અજાણ્યાને ઉપરથી તે નીચે તુલીક ધારી ધારીને જોતા પુછ્યું.

"મારા સાંભળવામાં આવ્યું છે કે આપ સાહેબ ધીરધારનો ધંધો કરો છો?"

'હા સાહેબ, એમ છે ખરૂં આપનું શું કામ છે તે વીગતવારે મને [illegible] તૈયા [illegible]

[illegible]ણી સાહેબ, હું સતારા જીલ્લાનો મોટો જાગીરદાર છું, અને હાલમાં મને આશરે પાંચથી છ હજારની રકમની અગત પડી છે. એટલા માટે મારી બહોલી જાગીરોમાંથી એક ને મેં વેચવા કાઢી છે, આ ફળદ્રુપ જાગીર આસરે એકસો એકરની છે. તે માહે વળી ત્રણ સુંદર મકાનો છે, અને પાંચ છ કુવાઓ છે. જોવની શેઠ, એમ તો ઘણાક સારા સારા [illegible] મુંબાઇમાં [illegible] પંકાણા છે તેઓની આગળજ હું [illegible], પણ મારી મોટી આંતને ધોકો પુગે તેમ છે. કરીનેજ હું [illegible] સાહેબ આગળ આવ્યો છું.' પેલાએ જણાવ્યું.

આ ઉપલી વાતચીત જમશેદજી વખારયા અને ઇબ્રાહમખાંન વચ્ચે થતી હતી આ [illegible] પારસીને કોઈબી સુરતે મુંબાઇથી દાગાથી ઘસડી જઇ રસ્તામાં આગળ હાજર કરવાનો તેને બહુજ અચ્છી રીતે તાગડો રચ્યો હતો. તે એક [illegible] માલેતુજાર તરીકેજ પુર ઠાઠમાઠ સાથેજ ત્યાં આવ્યો હ[illegible] ચાપલુસી ભરી બોલી દરાજીથી આ લુચ્ચો અને લોભી જમ[illegible]ને શીશામાં ઉતારવા ઘણીજ આસાનીથી ફાવ્યો હતો.

[illegible] ખરૂં સાહેબ, પણ હું જ્યાં સુધી મારી નજરે તમારી આ [illegible] નહી ત્યાં સુધી મારી ખાત્રી કેમ થાય વારૂ? સમજયાની જાગી[illegible]" જમશેદજીએ જણાવ્યું

"[illegible] કહેવાનું બરોબર છે સાહેબ, સતારા કાંઇ મુંબાઇથી ઘણું દુર [illegible] થોડાજ કલાકનો રસ્તો છે. આપ સાહેબ અગર મારી સાથે [illegible] ચાલુંજ [illegible] તો આ ગાહારી

બહોળી જાગીર જાણે તદ્દન મફત છે." હકીમખાંને તાલ તલાવટ કરતાં જણાવ્યું.

"આપ સાહેબ હાલમાં કયાં ઉતરેલા છો ?"

"જી તાજ—મહાલ હોટેલમાં."

"તમો સાહેબ પાછા કયારે સતારા જનાર છો ? તમે જ્યારેબી જાઓ ત્યારે તમારી સાથ આવવા તૈયાર થહશ." વખારયાએ જણાવ્યું.

"હું સાહેબ આવતી કાલેજ મુંબાઇ છોડી જનાર છું. તમો સાહેબ મને પરભારા બોરીબંદરના સ્ટેશન ઉપરજ મળશો તો બહુજ સારૂં. આપણે સહવારનીજ ગાડીમાં જઇશું, યાદ રાખજો મહેરબાન." અને [illegible] લી.

બાહોશ હકીમખાંએ ખુબજ [illegible] ખાસ કરીને સહવારનીજ ટ્રેન પસંદ કરી હતી કે જેથી રાતનાં સતારા આવ્યા બાદ અંધારામાં તેઓ કઇ તરફ જતા હતા તે આ લુચ્ચા પારસીને માલમ પડે નહી.

*　　　　　*　　　　　*

"હવે આપુને કઇ તરફ જવું પડશે. માલગુજાર સાહેબ ?" સતારા આવી [illegible] બાદ વખારયાએ [illegible] પુછ્યું.

"સાહેબ આપુને થોડું અંદર જવું પડશે અહીં. આપણે બેલ ગાડીઓમાં બેસી જઇશું તો થોડાક કલાકમાં તો આપરે આપરા મથકે પહોંચી જઇશું." હકીમખાંને જણાવ્યું.

રાત્રીનાં અંધારામાં તેઓ કઇ દીશાએ જતા હતા તે જો કે જમશેદજી વખારયાને તો માલમ પડયું નહી પણ હકીમખાંનને તો ચોક્કસ ખબર હતી. ગાડીવાનને કયે રસ્તે હાંકી જવું તે તેનેજ સુચવ્યું હતું. એક પડત જેવી [illegible] તેઓ આવી [illegible] બાદ ગાડીઓને ત્યાંથી રૂખસદ આપી દીધી. બેલગાડી જેવી નજરથી દુર થઇ તેવીજ હકીમખાંને એક સીટી વગાડી [illegible] કે જેનાં જવાબમાં જણ ચાર ઘોડેસ્વારો દુરથી દોડી આવતા માલમ પડી આવ્યા.

"આપ સાહેબને રૂસ્તમ [illegible] હાજર કરો, હું પાછળથી આવું છું." હકીમખાંને પેલા સવારોને ફરમાવ્યું.

"માલગુજાર સાહેબ એઓ કોણ છે ? એ લોક મને કયાં લઇ જશે ?" વખારયાએ એકદમ ગભરાઇ જઇ પુછ્યું.

"તમે ગભરાવો નાં સાહેબ, એ લોકો બરોબર તમુને આપણા મહેક ઉપર પુગાડી દેશે" હકીમે મોંઘમમાં જણાવ્યું.

જેવા પેલા ઘોડેસ્વારો આ જમશેદજી વખારયાને સાથે લઈ થોડેકજ દૂર આગળ વધ્યા કે તેઓએ ખુદ રૂસ્તમનેજ દુરથી ઘોડેસ્વાર થઇ આવતાં જોઇ લીધો.

"કેમ જમશેદજી વખારયા, સાહેબ મેહરબાન કેમ છેવો? તબીયત તો સારી કાંની છેની?" તેઓની આગળ આવી લાગતાંજ રૂસ્તમે પોતાના ઘોડા ઉપરથી નીચે ઉતરી વખારયાને પુછયું.

"એટલે? આ બધાનો સબબ શું? પેલો માલગુજાર કયાં ગયો?" હવેજ કાંઈ ખતરો થતાં જમશેદજીએ પુછયું.

"અહીંયાં કોઇ માલગુજાર બી નથી ને શેઠ સાહુકાર બી નથી. પેલા મારા આઠ હજાર રૂપયા હજમ કરી ગીયાછ, તેનું શું? તે રૂપયા મેહરબાંની કરી તાલી દેવો નહીતો જીંદગીભેર તમારાથી આય જંગલમાંથી છુટવું મુશકેલ થઇ પડશે. સમજ્યા મેહરબાન?"

"અરે ઓ દગાબાઝ કુત્રા, મારા જેવા એક ગૃહસ્થ આદમી સાથ આવી નીચ આસનાંઈ કરવાનું કારણ શું? બચ્ચા યાદ રાખજે, અગર જો મારી લાગવગથી હું પોલીશને ખબર આપશ તો તારા પુરા બાર વાગી જશે. સમજ્યો?" લાલ પીલો થઈ જતાં વખારયાએ જણાવ્યું.

"અરે ધીરે ધીરે મારા મેહરબાન આ વેરાનમાંથી તમારાથી છુટાય ત્યારેજ તેમ થઇ શકશે. આ સામે દેખાતો ભાગ ભરતાં જેવો કીલ્લો જોયો કે? એ તમારૂં હંમેશ માટેનું મથક થઇ પરશે. નહી તો સીધે પાધરે રસ્તે ઉતરી મારા રૂપ્યાનો બંદોબસ્ત કરશો તોજ તમારો અહિંથી છુટકારો થશે. એક વખત એવો હતો કે તમારા નાપાક સકંજામાં મારી ભોળાઇને લીધેજ અને તમારા ઉપર વીશ્વાસ રાખી હું ફોકટનો સપડાઇ જઇ એક મુર્ખ ગધેડો બન્યો હતો. પૈસા ટકાથી તેમજ મારા વરખારથી અને ખુદારીની ખાનાખરાબ ખાહીમાં ગબરાવી નાંખનારા તમો મેહરબાન હતા કે કોઇ બીજો? અને હવે આજે? આજે તો તમે એક નાના ફોકર્યાની જેમ મારા મારેલા છટકાંમાં આસાની સાથ સાબુત આવી ગયલા છેવ અહીંથી જરાકબી નાહસવાની વેત્રણ કીધીછ તો તેનું પરીણામ ઘણુંજ બુરૂં આવશે. અને તેનો જોખમદાર હું નહી; કીયે વખતે અને કયે ઠેકાણેથી બંદુકની એકજ ગોળી નીકળી આવી તમારૂં મસ્તક આરપાર વીંધી નાંખશે તે સાંભાળજો, જમશેદજી વખારયા જોવ તમારી ખાત્રી કરવીછ? આય જુઓ,' અને આટલું બોલતાં રૂસ્તમે પોતાની બંદુકથી હવામાં એક બાર કર્યો જેના જવાબનાં ચારે દીશાએથી બબે ત્રણ ત્રણ ઘોડેસ્વારો છેક દુરની ઝાડીઓમાંથી દોડતા કે આવી હાઝર થયા. પણ રૂસ્તમના હુકમથી તેઓ પાછા ત્યાંથી પોતપોતાની જગ્યા ઉપર તુરતજ રવાના થઈ ગયા.

"લ્યનત છે તારી ઉપર! કે આવી દગાબાજીથી મને અહીંઆ બોલાવી મંગાવ્યો. હું તુને તેનો સ્વાદ બરોબર ચખારશ, યાદ રાખજે બચ્ચા," વખારયા એ બબાળયું.

"અરે મારા સાહેબ, લ્યાનત મારી ઉપર કે તમારી ઉપર, દગાબાજી કોણે કીધી? તમે કે મેં? જેબી હોય તે મારા રૂપ્યાનો બંદોબસ્ત કરો, નહી તો આય કીલ્લામાં પડી હંમેશને માટે સબરયા કરો. લઈ જાઓ આય પારસીને આય કીલ્લામાં." અને સેંત્રટે પોતાના માણસોને હુકમ કરી રૂસ્તમ ત્યાંથી રવાના થઈ ગયો.

"જોરે એઇ, મને અહીંથી સીધે સલુકે જવા દેવોછ કે નહી? એનું પરીણામ ઘણુંજ બુરૂં આવશે, હં?" ત્રણ ચાર દીવસો વીતી ગયા બાદ

એકવાર ફરીથી રૂસ્તમ સાથ મુલાકાત થતાં જમશેદજી વખારવાએ તકાજો કર્યો.

"પહેલાં રૂપ્યાનો બંદોબસ્ત કરો ને પછી તમે તમારે રસ્તે ચાલ્યા જાઓ. એમાં જરાકમી ફેર પડશે નહી." રૂસ્તમે જણાવ્યું.

"અરે પણ ઓ નાપાક હેરેમંદ." રૂસ્તમને એક સજ્જડ લપડાક લગાવી કહાડતાં જમશેદજી વખારવો તરડાયો. "નાપાક હેરેમંદ રૂપ્યા હું શું મારી સાથે લઇને ફરૂંછ ? મોકલ તારાં કોઈ માણસને મારી સાથ મુંબાઇ, હું તેને તારા રૂપ્યા ચુકતે કરી દેવશ."

"ભલે ભલે, તમે મને તમાંચો જુરી કાહડયોછ તો ભલે, પણ હું જો ચાહું તો તમને અબઘરી અહીં [illegible] નાંખું [illegible] નથી. [illegible] એક નબલા પોચા ઉપર હાથ ઉંચકવો એ હીચકારા બાયલાનુંજ એક કામ છે. વળી તમો મારાથી ઉમરમાં ઘણાં મોટા છો અને તમારા ઉપર હાથ ઉગામવો એ મારા જેવા એક જોરેમંદને છાજતું નથી. તમે મારાં માણુસ સાથ મુંબઇ જવા માગોછ અને રૂપ્યા ચુકવવા માંગોછ, કેમ ? અરે નહીરે મારા મહેરબાન હું તમુંને કાંઇ નથી ઓળાખતો ? એમ કદી પણ બનો શકશેજ નહી.

"પણ ત્યારે તું કહેવા શું માંગેછ તે જણાવશે ?" વખારવાએ હવે સહેજ નરમ પડતાં જણાવ્યું.

"અરે હારે મારા મહેરબાન, ઇલાજ હું તમુંને દેખાડુંછ તમારે ઘરે હું લખાઉં તેમ એક કાગજ લખો અને તમારાં કુટુંબીઓને અહીંઆ બોલાવી મંગાવો અને—"

"એ તું કાંઇ પાગળ બાગળ થયોછ વારૂ ? આવાં વેરાંણ જંગલમાં હું મારી ફેમીલીને બોલાવી મંગાઉં ? ને પછી તેઓનું તું શું કરવા માંગેછ ?" વખારવાએ ગભરાટ વચ્ચે જણાવા માંડ્યું.

"તે હું તમુંને સમજાઉં, તે લોકોને અહીંઆ બોલાવી મંગાવી ને પછી તે લોકને અહીંઆંજ રહેવા દઇ તમે એકલાજ મુંબઇ સીધારજો ને ત્યાંથી મારા આઠ હજાર રૂપ્યા સાથે પાછા આવી શકશો એટલેજ સૌનો છુટકારો થશે. આયજ એક ઇલાજ છે એતો જોવની બાવા શેર ને માથે [illegible] તો [illegible] ત્યાં સુધી આ દુન્યાંનો કારોબાર ચાલી શકેજ [illegible] સમજવાનો [illegible]

પોતાની કેટલીક નાં મરજી સાથ જમશેદજી વખારયાએ એક કાગજ લખી પુરૂં કર્યું. તેને રૂસ્તમને ઘણું ઘણું બી સમજાવ્યું, ઘણાં ઘણાં બી કાલાવાલા કરયા, પુષ્કળ ખાત્રી બી આપી. પણ ના. તે એક નો બે થયો નહી. તેને વળી ધાકધમકી દેખાડવામાં પણ કશુંજ બાકી રાખ્યું નહી, પણ રૂસ્તમની હઠ આગળ તેનું કશુંજ ચળણ હતું નહી. આય એકલા ઇલાજ સીવાય તેની પાસ આ વેરાંણમાંથી છુટી નીકળવાની એકે પણ બારી તેને માટે ખુલ્લી તેને માલમ પડી નહી, આટલા સખત ચોકી પેહરા વચ્ચે તે કેમ અને કયાંથાંજ ત્યાંથી નાહાસી છુટે ? અને ત્યારે ન છુટકે તેને બે કાગજ પુરૂં કરી રૂસ્તમને સ્વાધીન કીધું અને ઇકાંમખાનને પુરતી સમજણ આપ્યા બાદ તે કાગજ સાથ તેને મુંબાઈ રવાના પણ કરી દીધો.

રૂસ્તમનાં સુચવણ મુજબ નીચે પ્રમાણે એક કાગજ પોતાના ઘરવાલાંઓ ઉપર મુંબઈ લખી નાંખ્યું હતું.

"મારા વહાલાઓ,

હું તદ્દન સારી હાલી છું, મારે લગતી જરાક પણ ફીકર તમારે કરવી નહી, [illegible]

[illegible]

ખ્યાલ આવી શકશેજ નહી, માટે આ સાથ મોકલેલા મારા એક ખાસ વીશ્વાસુ માણસ સાથ તમારામાંથી કોઈબી અહીંઆ આવશો તો હું ઘણોજ ખુશી થઈશ. અહીંનું હવા પાણી એવડું તો સરસ છે કે મને તો જાણે મુંબાઈ પાછું આવવા મનતું પણ નથી એજ અરજ.

લી૦ તમુને જલદી જોવા તલપી રહેલો જમશેદજીનો દુઆ વાંચજો

"અચ્છા નક્કીજ જાણુજો કે મારા કુટુંબીઓને કોઈ પણ રીતની અલવલ આવવા દીધીછ તો તેનું પરીણામ ઘણુંજ બુરૂં [illegible] તે જરૂરજ યાદ રાખજે આ ?" જમશેદજી વખારયાએ પાકો જીવ ઉકાળો.

'તની તમારે જરાક પણ થમને ધારતી ફીકર કરવી નહી. તમારા કુટુંબીઓ અતરે આવશે તેના એક બાલને પણ કોઈ વાહોગશે નહી. તેનો જવાબદાર હું છેઉં તમે સમજ્યાની મારા મેહરબાન ?' રૂસ્તમે સખ્યારો આપતાં જણાવ્યું. અને ત્યારે જમશેદજી વખારયા [illegible] ફફડતો ચડકલો અને ખરાબ ખરાબ ગાળાગોળાય કરતો પોતાના [illegible] રહ્યો.

પ્રકરણ—૮ મું.

તેઓ આવ્યાં.

જમશેદજી વખારયાને હાથે લખાયલું કાગજ તેવણનાં ધણીઆણીનાં હાથમાં મેળતાં એટલી તો સીફતથી અને સમજાવતથી ઇબ્રાહમખાને પોતાનો પાર્ટ ભજવ્યો કે આ બનાવતી કાગજ માટે કોઇનેબી સેહેજ પણ ખતરો થવા પામ્યો નહી. અને વખારયાનાં ધણીઆણી અને તેવણની દીકરી આ વેચાતી લીધેલી નવી જગ્યા ખુદ નજરે જોવા ઘણી ખુશીથી ઇબ્રાહમખાંન સાથ સતારા જવા તૈયાર થયાં. તેઓને ઘણીજ સુખ સગવડથી ત્યાંના વેરાનમાં રાખવામાં આવ્યાં હતાં.

"હું એક ઘણાજ નીચ દગાનો ભોગ થઇ પરયોછ, અને આવાં એકાંતમાં મને નજરકેદ કરવામાં આવ્યોછ." પોતાની ધણીઆણી તથા દીકરીને ત્યાં આવી લાગેલાં જોઈ જમશેદજી વખારયાએ રડમસ થઈ જતાં તેઓને જણાવ્યું. "તમુંને જે માણસ દગાથી અહીંઆ લઇ આયો તેજ માણસ મારી સાથે પણ દગો ફટકો કરી પહેલાં અહીં લઇ આયો તો."

રૂસ્તમની બીછાવેલી જાલમાં આ નિર્દોષ મા દીકરી સપડાઈ ગયાં હતાં તે જાણી તેઓ હવે ગભરાતમાં પડી જઇ જબરાં વમાસણમાં પડયાં.

"પણ અરે, ત્યારે આય વેરાંન જંગલમાંથી આપરો છુટકો કેમ અને કયારે થશે ? અને આપુંને આવા હેરાનગતીમાં નાંખવાનું કારણ શું ? એ કોણ એવો નીચ કરટુકયો છે કે જેને આપુંને આવા જંગલના એકાંતમાં પકડી મંગાવવાની હીંમત કીધીછ ?"

"બાઇજી સાહેબ, એ નીચ અને કરટુકયો હું પોતેજ છેઉં." તેઓની વાતચીત દરમ્યાન રૂસ્તમ પોતેજ ત્યાં આવી લાગતાં વચમાં બોલી ઉઠયો.

"શું તમે ? અરે તમે ? જો હું ભુલ નહી કરતી હોઉં તો તમે એક પારસી જેવા લાગોછ ?" મીસીસ વખારયાએ પુછયું.

"જી હાજી, હું એક પારસીજ છેઉં, ને મારૂં નાંમ રૂસ્તમ મોદી છે." રૂસ્તમે જણાવ્યું.

"ત્યારે તો તમારે ખરેખરજ શરમાવું જોઇયે કે હમુંને બાઈ માણસોને આવાં એક વેરાંનમાં બોલાવી મંગાવી હમારી સાથે આવી નીચમાં નીચ દગબાજી ચલાવીછ. પણ એમ કરવાનું તમુંને કારણ શું મલ્યું તે જરા મને સમજાવશો ?"

"નેક બાનું, હું ઘણોજ દલગીર છેઉ કે મને આવું એક નાલાયક પગલું ભરવું પરયું. પણ તેનો સબબ મહેરબાંની કરીને આય તમારા ધણીનેજ જરા પુછી જુઓ! મારા બાપ જનમમાં મને જો શરમીંદગી લાગી હોય તો તે આજેજ છે. મારી પોતાની હમજાતની બાનુંઓ સાથ કદી પણ જો આવો નીચ દગો ફટકો કરયો હોય તો તબી આજેજ છે અને પહેલ વેહલ્લોજ છે. મેહરબાંન બાઇજી, મને માંફ કરજો, હું તમારી આગળ બે હાથ જોડીને માંફ માંગુંછ."

પણ આ સાંભળી જમશેદજી વખારયો ત્યાં ઊભોજ શાનો રહે? તેને તો આ રૂસ્તમ તરફ એક ધીક્કારનીજ નજર ફેંકી બાજુ થઇ ગયો.

આ તકનો લાભ લઇ, કેવી રીતે આઠ હજાર રૂપીયા તેમના ધણી જમશેદજીએ દાગાથી કઢાવ્યા હતા તે હકીકત રૂસતમે કહી દીધી તે પછી રૂસતમ બોલ્યો કે પરીણામ એ આયું કે મારી નાતવાન, ગરીબ અને બુઢ્ઢાં માયજીને મને શરમ અને દુ:ખને મારે એકલાં છોરવાં પડયા અને નાસીપાસીને મારે બીજો કોઇબી રસ્તો નહીજ સુજ પડવે આય ધાડ-પાડુઓ સાથ જોડાઇ આવો નીચ અને હલકટ પેશો મને ના છુટકે પકડ-વોજ પરયો. મહેરબાન બાઇજી, મારી ઉપર આવી પડેલી આફતોની આય ખરેખરી વીગત છે.

રૂસ્તમનો આ એકરાર સાંભળી આ મા—દીકરીને સામી તેનીજ દયા લાગી આવી. અને ત્યારે આ ખુલાસો સાંભળી મીસીસ વખારયા પોતાનાં ધણીને શોધતી ત્યાંથી છુટી પડી ગઇ. પણ તેવણુની દીકરી જે આટલી દેર તુલીક મુંગીનંતર ઉભી રહી બધું સાંભળ્યા કરતી હતી તે હવે રૂસ્તમ આગળ કાલાવાલા કરતી ઢપે આવી ઉભી.

"બોલો બહેન, એમાં જરાકબી મારો કસુર છે વારૂં? ખરૂંજ બોલજો." રૂસ્તમે તેણી કનેથી જાણવા માંગ્યું પણ તેનાં જવાબમાં તો આ કોઇ અતી રૂપાળી છોકરીએ પોતાના મોંઢેથી એક શબ્દ વરીક ઉચ્ચાર્યો નહી, પણ ફક્ત ડોકાંનાં લહેકાથીજ જાણે હસીને 'ના' નો જવાબ કરયો.

'તમે જમશેદજી વખારયાના દીકરી થાઓછ કે જી?' રૂસ્તમે પુછ્યું. પણ વળી પાછો તેણીની તરફથી તેવાજ ડોકાના લહેકાથી 'હા'નો જવાબ મલ્યો.

'તમે બેહનજી મુલાકાતવાર જવાબ કેમ નથી આપતાં? તમે મુંગા છેવો વારૂં?' રૂસ્તમે અચરતી સાથ પુછ્યું.

ડોકાથીજ 'હા'નો જવાબ મળ્યો, અને ખરેખર તે છોકરી બીચારી મુંગીજ હતી.

'હું એ જાણી ઘણોજ દલગીર છું, અને તમુંને વગર ફોકતની તકલીફમાં ઉતારવા માટે હું ખરાજ મનથી હવે પસ્તાઉંછ,' રૂસ્તમે જણાવ્યું.

પણ જમશેદજી વખારયાની આ દીકરી સાથ રૂસ્તમ વાત કરતો હતો તેવામાંજ જમશેદજી પોતે તેવણની ધણીઆણી સાથ ત્યાં હાજર થયા.

"અરે બા, એ મારી દીકરી તો બીચારી સદનતરજ મુંગી છે જો, એ તમારી સાથ બોચારો વાત તે શું કરે?" મીસીસ વખારયાએ જણાવ્યું.


'જી હા બાઇજી, મેં જાણ્યું અને તે વીશે હું બેહદ દલગીર છઉં હવેજ મને લાગેછ કે મેં એક ભુલનુંજ કામ કીધુંછ, શું એવણ બીચારા જનમથીજ મુંગા છે?' રૂસ્તમે જાણવા માગ્યું.

"અરે નહીરે પાંચ સાત વરસની વાત ઉપર હમે દીવાળીની લાઇટ જોવા નીકળ્યાતાં ત્યાં કોઈ મુવા અવીત્રા હીન્દુના કુતરાઓ હમારી આગળ એક મોટો ફટાકડો ફોડ્યો અને એ બીચારી એટલી તો બીહ ધ્રુજી ગઈ કે બસ તે દાવલથીજ બીચારીનો વાચાજ જાણે બંધ થઈ ગઇ, પણ ઇશારતથી સમજે બધુંજ."

'ઘણીજ દુઃખની વાત છે,' રૂસ્તમે તે મોહામણી છોકરી તરફ ઘણીજ દયાથી જોતાં જણાવ્યું, 'તમુને હલાકીમાં નાંખવાને માટે હું ઘણોજ દલગીર છઉં મી. જમશેદજી વખારયા, તમે તમારાં ફેમીલી સાથ હસ્તા રમતા ઘરે સીધારો મારા રૂપ્યા પૈસા મને કાંઈજ જોઇતા નથી. મને હવે એ રૂપ્યા લેવા હરામ છે. ખોદાનું આપેલું મારી પાસ હદથી બી જ્યાદા છે, તમારી આય બીચારી મુંગી દીકરીને જોઇને મારૂં જીગર કપાઇ જાયછ. હવેજ મને શુદ્ધી આવીછ કે મેં આય ઘણુંજ ખોટું પગલું ભર્યુંછ, અને તેને માટે મને હવે બહુજભારી દુઃખ થાયછ. એ નક્કી જાણજો." અને આટલું બોલતાંજ રૂસ્તમે એક જોરમાં સીસોટી ફોકી જેનાં જવાબમાં દુરથી થોડાક સીપાઇઓ દોડી આવી તેઓ ઉભા હતા ત્યાં હાજર થયા એટલે તેઓને ઘણી ઇજ્જતથી પોતાને ઠકાણે પુગાડી આવવાની ગોઠવણ તેને કીધી.

"ભાઈ રૂસ્તમ, તારી ઘણીજ મોટી મેહરબાંની મુંબાઈ જતાં ને વાર આ તારા મેં લીધેલા રૂપીઆ હું તારાં માંબાપને પોંહોંચતા કરીશ. મારા બાપનાં બોલ સાથ હું પોંહોચતા કરશ. મને તેવણુનું સરનાંમું આપ" જમશેદજી વખારયાએ પોતાની કરણી માટે પસ્તાવો કરતાં જણુાવ્યું.

"મારા ઘેરનું સરનાંમું જોઇયે તો લેવો. તમારી મરજી પડે તો આય રકમ મારે ઘેરે પુગારજો." રૂસ્તમે પોતાનાં ઘરનું સરનાંમુ આપતાં જણાવ્યું.



પ્રકરણ—૯ મું.

રૂસ્તમને આ હફ્તેખાંનમાં આવી વસ્યાને અઢી સાલ પુરાં પણ થઈ ચુકયાં હતાં, અને ત્રણુ વરસની મુદત ખતમ થવાને હવે ફક્ત છ માસ બાકી રહ્યા હતા. આ અઢી સાલ ત્યાં તેનાં રહેવા દરમ્યાન રૂસ્તમનાં દેખાવમાં એટલો તો આસમાન અને જમીન જેટલો ફરક પડી ગયો હતો કે તે જાણે આગલો રૂસ્તમ હતોજ નહી. તેનામાં એટલો તો તફાવટ પડી ગયો હતો કે અગર જો તેના આગલા ઓલખીતાંઓ પણ તેને આજે જોય તો તેઓ વટીક તેને ઓળખી શકે નહી, તે [illegible] કદાવર, અને અતી ઘણાં મજબુત બાંધાનો તો હતોજ. પણ આ ત[illegible] ખુલ્લા હવામાં હરદમ રહેવાથી અને ચાલુ કસરતનાં સબબે તેની ઉંચાઈ અને પહોળાઇમાં પણ તેટલોજ ઉમેરો થવા પામ્યો હતો. તેનો મરદાનગી ભર્યો દેખાવ અને જબરૂં રૂઆબદાર કદ કોઇને પણ ઠઠરાવી નાંખવાને જાણે પુરતાં હતાં.

"સરદાર સાહેબ, આપની નેક હજુરમાં મારે એક ધનુીજ નામનતાઇ ભરી અરજ કરવી છે. આપની આગ્ના હોય તો કહી સંભળાવું." એક મુલાકાત વેળાએ જણાવ્યું.

"શું છે દીલાવર રૂસ્તમ, બોલ. બેલાશક બોલ."

"સરદાર સાહેબ, મને ત્રણુ વરસની મુદત પુરી કરવાને હવે ફક્ત બેજ માસ બાકી રહ્યા છે. તમો મહેરબાન તો મારી તમામ આગળી હકીકતથી વાકીફગાર છો, માટે આપ જનાબ પાસ હવે હું નમો નામદારની રજા લેવા આયોછ. આટલો વખત તમોએ [illegible] રોતનો મને [illegible]ને આશરો આપ્યોછ તેને માટે હું તમારો ઘણો ઘણોજ ઉપકારમંદ છું." રૂસ્તમે બે હાથ જોડી અરજ કરતાં જણાવ્યું.

"જરૂર જરૂર, હું તુંને હરગીઝ થઈને રોકનાર નથી, અને તુંને નારાજ પણ કરવા માંગતો નથી. જો તારાથી બની શકે તો પાછો આ તરફ જરૂરજ પધારજે. તારા જેવા એક વફાદાર શખ્શ ને ખોહવાનું મને બહુજ ભારે દુઃખ થશે. તું હમારાથી છુટો પડે તેની અગાઉ આપણાં છુપાં ભોંયરાંમાંથી તારાથી જેટલું અને જેબી કાંઇ લેવાઇ શકાય તે લઈ લેવા હું તુંને ખુશીથી રજા આપું છું. જો જે જરાક બી અચકાતો નાં."

"જેવી તમો નામદાર સરદારની મરજી, રૂસ્તમ પોતાના જૈફ સરદાર ને ઘણી ઘણી મોહબતથી મળી ભેટી છુટો પડયો.

ત્યારબાદ તે પોતાના સર્વે લાગતા વળગતા સાથીઓને પણ તેટલીજ માયાથી મળ્યો, સરહદ સુધી તેને વળાવવા સારૂ ઘણાક ઘોડેસ્વારો તેના સાથીઓ ગયા હતા તે પછીથી તે સહીસલામત સતારા પોહોંચી ગયો.

૪ થી જુનને હજી થોડાક વીલંબ હતો તે અગાઉ તેને હીન્દુસ્થાનના થોડાક મુખ્ય શેહેરો જોઈ લીધા બાદ મુંબાઇ પોહોચવાનો પોતાના દીલમાં મનસુબો કર્યો. હજી તો જ્યારે સતારા શેહરમાં રૂસ્તમ ફરતો હતો ને વખતે સમીસાંજ થઈ ચુકી હતી. ફરતો ફરતો તે ત્યાંના એક કરોડપતી માલગુજારની એક મોટી અને ભપકાભરી હવેળી આગળ આવી લાગ્યો, ત્યાંના કમ્પાઉન્ડની બહાર રૂસ્તમે ઘણાંક માણસોને જમા થયલા જોઇ લીધા અને કોઈ પણ ચોકસ સબબ વીણા તે પણ ત્યાં આવી ઉભો. પરપુછ કરતા માલમ પડયું કે આ કરોડપતી માલગુજારનો એક પુરો દીકરો લગલગ મરણ પથારીએ પડયો હતો અને ગમે એટલા રૂપીઆ ખરચતા અને ભલા ભલા ડોકટરોની જીવતોડ મેહનત છતાં કાંઇજ સારૂં પરીણામ આવ્યું હતું નહી, અને સર્વે જણાઓએ તેની જીવવાની આશા વટીક છોડી દીધી હતી.

"કાંય નહિ હું પેલા બાહ્મણવાલી જડીબુટ્ટી આ છોકરા ઉપર અજમાવી જોઉં ? પરવરદીગારનું ચાહતું હશે "અને જો તે છોકરાનાં આવરદા લાંબા હશે તો કદાચ ફાયદો થઈ પણ જાય !" આવું પોતાનાં મનમાંજ વમાસી લઇ, રૂસ્તમ ત્યાંના જમા થયલાં આદમીઓને બાજુ હઠાવી તે હવેળીનાં પોર્ટીકામાં બેધડક દાખલ થઇ ગયો.



પ્રકરણ—૧૦ મું.

રૂસ્તમ જેવો ત્યાનાં પોર્ટીકોમાં દાખલ થયો તેવુંજ તેને માલમ પડયું કે ત્યાંના પોખાળ વરંડાની ઉપરજ એક કોઈ અઘોર ઉમરનો મારવાડી જેવો દેખાતો પુરૂષ અતી ઘણો વીચારમાં ત્યાં બેઠો હતો.

"મહારાજ, મારી જાણમાં આવ્યું છે કે તમારો બાળક બેટો ઘણોજ બીમાર છે, મેહરબાની કરીને મને તેની આગળ લઇ જશો? હું મારો એક સહેલો ઇલાજ અજમાવી જોઇશ." રૂસ્તમે પેલા મારવાડીને જણાંવ્યું.

"અરે બાપુ, ભલા ભલા ડૉકટરો હારીખાઇ લાઇલાજ થઈ ગયા ત્યાં તારૂં શું વળવાનું છે? તે કરતાં આવ ને તારો ઈલાજ અજમાંવી જો નવ્વાણું ત્યાં બર્યા સો. હમે તો મર્વે એની આશા મુંકીને પરમેશ્વરપર ભરૂસો રાખી બેઠાં છીયે. ચાલ આવ અંદર માહારી સાથ." અને આટલું કહેતાં પેલા મારવાડીએ ત્યાં પડેલાં બીમાર બાળક આગળ રૂસ્તમને રૂબરૂ કર્યો.

રૂસ્તમ તો તે બાળકને જોતાંજ કમકમ્યો અને વળી ગભરાટમાં પડયો. તે કોઇ દસથી બાર વરસની ઉમરનો છોકરો હતો. તેનાં ચહેરાનો રંગ બીલકુલ કાળો ઠણુક મારી ગયો હતો અને પેટ બીલકુલ ફુગાઈ આવ્યું હતું અને મહામુશકેલીથીજ જાણે તેનો શ્વાસ ચાલતો હતો. તે બીમારની આજુબાજુ કેટલીક ઓરતો તથા મરદો રડારોળ કરતાં ઉભાં હતાં.

"મેહરબાનો, હું કોઇ મોટો વૈદ હોવાનો દાવો કરતો નથી, એમ મારે પહેલાંથીજ સાફ જણાવી દેવું જોઇયે, અગરજો કોઇ ઉલટુંજ પરીણાંમ નીપજે તો મને બદનાંમ કરશો નહી. મારવું કે જીવાડવું એતો પરમેશ્વરને હાથ વાત છે. તમો તો સર્વે આ બાળકની આશા મુંકીનેજ બેઠાં છો તો મારો એક સાદો ને સુતરો ઇલાજ અજમાંવી જોવા તમો મેહરબાનો કશોજ વાંધો કરશો નહી." રૂસ્તમે જણાંવ્યું.

"તમારૂં કહેવું બરોબર છે ભાઈ, આ અમારૂં એક પુરૂં અને વહાલું બાળક છે. ખુદા અમારી લાજ શરમ રાખે તો સારૂં." એક જવાંન પુરૂષ જે આ બીમાર છોકરાનો બાપ હતો તેને જણાંવ્યું.

"ઉતાવળ કરો અને એક નાંનાં લોટામાં સાફ પાણી મંગાવો. હું મારો ઇલાજ અજમાંવું છું. જલદી કરો, કારણ આ બાળક ઘણીજ મુશકેલીથીજ પોતાનો છેલ્લો દમ ખેંચી રહ્યો છે." રૂસ્તમે જણાંવ્યું.

પાંણી તુરતજ હાજર કરવામાં આવ્યું અને રૂસ્તમે પોતાની પાસની જડીબુટીની ભુકીમાં એક સોપની અણી ઠુબાડી તેને પાણી સાથ મેળવી દીધી, અને તુરતજ તે પાંણી ધીરે ધીરે પેલા બીમારનાં ગળાંમાં ઉતાર્યું, અને તે માહેલું પાણી તેના ફુઆઇ આવેલાં પેટ ઉપર પણ ચોપડી દીધું, અને તેની શું અસર થાય છે તે તપાસતો રૂસ્તમ ત્યાંજ થોભ્યો.

આ જંગલની જડી બુટીએ પોતાની એજમતી અસર આસરે પંદર એક મીનીટ વીત્યા બાદ સાબીત કરી આપી. બેહાલ પડેલાં બાળકે શરૂઆતમાં તો ઘણાંજ મોટા જથ્થામાં તમાંમ કાળા રંગની એક ઉલટી કીધી રૂસ્તમે પોતાનો તેજ ઇલાજ ફરીથી અજમાવ્યો જેના પરીણામે બીજી વળી પંદર મીનીટ વીત્યા બાદ તે છોકરાને ફરીથી એક ઉલટી થઇ આવી. આ પ્રમાંણે દરેક વેળાએ પોતાનો ઇલાજ કરવો રૂસ્તમે ચાલુજ રાખ્યો. ઇસથી બાર કલાક પસાર થયા કેડે રૂસ્તમને સાફ માલમ પડી આવ્યું કે પેલું બીમાર બાળક જે શરૂઆતમાં ઘણીજ મુશ્કેલીથી પોતાનો શ્વાશ ખેંચતું હતું તે હવે ઘણીજ સહેલાઇથી પોતાનો દમ લેતું માલમ પડયું અને તેનું પેટ જે ઉપસી આવ્યું હતું તે પણ મોટે ભાગે ઓસરી ગયું હતું. રૂસ્તમ ખડે પગે તે બીમારની પાસેનો પાસેજ રહ્યો હતો અને પોતાનો ઇલાજ અજમાંવવાનું પણ ચાલુજ રાખ્યું હતું. બીજે દીવસે સહવારનાં તે દરદીએ પોતાની આંખ્યો ખોલી સર્વે જણાઓ તરફ તગર તગર જોવા માંડયું, અને રૂસ્તમને પેલી જડી બુટીની અસરનું આવું અસરકારક પરીણાંમ આવેલું જોઇ ઘણીજ ખુશાલી અને વધતીજ ઉલટ ઉપજી.

આ માલેતુજાર મારવાડી કુટુંબે રૂસ્તમની બહુ બહુ આગતા સ્વાગતા કરી અને તેની સુખ સગવડો ઉપર પણ પુરતું લક્ષ આપ્યું હતું. વળી રૂસ્તમે પણ પોતાની રાજી ખુશીથીજ તે બાળક જયાં તુલીક મનમાંનતી રીતે હુશ્યાર થાય ત્યાં તુલીક ત્યાંજ રહી જવાનું વાજબી વીચાર્યું.

આખું અઠવાડયું પસાર થઇ ગયા બાદ રૂસ્તમે જ્યારે તપાસ્યું કે તે બીમાર છોકરો મનમાનતી રીતે સાજો થતો આવતો હતો, તેનું બદન જે તમાંમ કાળું પડી ગયું હતું તે ફરીથી પોતાનાં અસલ રંગરૂપ હાલતમાં આવતું જતું હતું. આ છોકરો જો કે હજુન તુલીક બીછાંણાં ઉપરજ હતો તો પણ પુરતી રીતે પોતાની અક્કલ હુશ્યારીમાંજ હતો. રૂસ્તમની જડી

બુટી વાલું પાણી આ બીમાર બાળકને હજુન ત્રુલીક દીવસમાં ત્રણથી ચાર વખત આપ્યા કરવાનું ચાલુજ રાખ્યું હતું.

હવે કોઇબી રીતની ધાસ્તી ફીકર કરવા જેવું નહી હોવાને લીધે રૂસ્તમે હવે ત્યાંથી રૂખશદ લઈ લેવાનું વાજબી ધાર્યું.

"મેહરબાંન શેઠજી, તમારો વહાલો બેટો હવે તદનજ સલાંમત છે, માટે હવે હું રજા લેવા ચાહું છ." રૂસ્તમે તે ઘરનાં વડાને જણાંવ્યું.

"ઓ હાતમ દીલનાં જવાંન, તેં ખરેજ અદભુત પરાક્રમ કરી બતાવ્યું છે, અને આ હમારૂં બાળક સાજું તાજું થવે હમો સવે જણાંઓને એટલી તો બેહદ ખુશાલી ઉપજી છે કે જેવી ખુશાળી હમોએ આગળ કોઇબી વેળાએ અનુભવી હતી નહી. તારો આ ઉપકાર કયા શબ્દોમાં વાળ્યે તેજ અમને સુઝતું નથી." માલેતુજાર મારવાડીએ જણાવ્યું.

ત્યારબાદ તે હવેલીમાં વસવાટ કરતા તમામ મરદો તેમજ ઓરતો રૂસ્તમની આજુબાજુ ભેગાં મળ્યાં અને અતી ઘણી આભારની લાગણીઓ દરશાવી.

"ઓ વીરલા જવાંન, આ હમારા તરફની એક ઘણીજ નજીવી ભેટ સ્વીકાર. જો કે તેં હમો ઉપર કરેલા મોટા આભારને બદલ તો તે તદન નજીવીજ ગણાશે." તે બાળકના પીતાએ એક બંધ કરેલું પરબીડું રૂસ્તમના હાથમાં આપતાં જણાવ્યું, અને રૂસ્તમે કાંઇક આનાકાણી સાથ તેનો સ્વીકાર કર્યો.

"અને ઓ ભલા જવાંન આ મારા પોતાના તરફની એક ઘણીજ નજીવી નીશાણી તું તારા પાસ રહેવા દેજે." તે મારવાડણ માતાએ આટલું બોલતાં રૂસ્તમનાં બન્ને હાથો ઉપર નક્કર સોનાંનાં અને ઘણાજ ભારે વજનનાં કડાંઓ પહેરાવી દીધાં!

"તમો સર્વે જણાંઓએ મારા માંટે ઘણી મેહનત ઉઠાવી છે તેને માંટે હું તમારો બધાંનો સામટો ઉપકાર માંનું છું. આવતે મહીને આ તમારા દીકરાની હાલત વીશે લખી વાળશો તો હું ઘણોજ ખુશી થઇશ. આ મારૂં સરનાંમું." અને રૂસ્તમ ત્યાથી ઘણાજ આદરમાંન સાથે રવાના થઇ ગયો.



પ્રકરણ—૧૧ મું.

સતારાથી નીકળી પડી રૂસ્તમ સીધો દીલ્હી જવા માટે ઉપડી ગયો. ૪ થી જુનને આજથી બરોબર એકજ માસ બાકી હતો અને ત્યાર બાદ આ બન્ને ભાઇઓ રૂસ્તમ અને સોરાબ પોતાને આપેલી કબુલાત પ્રમાંણે તેજ દીવસે મુંબાઇમાં મળનાર હતા. ફરર્ટ–કલાસ કમપાર્ટમેન્ટમાં પોતાની જગ્યા લીધા બાદ પેલા મારવાડીએ આપેલું પરબીડું ખોલી જોતાં રૂસ્તમની ભારી અચરતી વચ્ચે માલમ પડયું કે તેમાં તો સેનત્રલ બેન્કનાં પાંચ પાંચ હજાર રૂપ્યાનાં બે ચેકો હતા. જ્યારે પોતાનાં બન્ને હાથો ઉપર લટકાવેલા સોનાનાં બન્ને ભારી કડાંઓની કીંમત તો તે હાલ તુરત આંકી પણ શકયો નહી.

પેલા બ્રાહ્મણવાલી જડીબુટીની અજમાયશ આ તેને પહેલીજવાર આ બીમાર પડેલાં બાળક ઉપર અજમાવી જોઇ હતી અને તેની ચમતકારીક અસર કેવી ઉત્તમ રીતે થઇ હતી તેનો રૂસ્તમને આ પહેલ વેહલોજ અનુભવ મળ્યો હતો. જ્યારે આવી જીવસતોસતની અને ગંભીર બીમારી ઉપર આવી ઉત્તમ રીતે પોતાની અસર પેલી જડીબુટી ઉપજાવી શકી હતી તો પછી પેલા બ્રાહ્મણે કહ્યું હતું તેમ કોઇબી જાતના બીજા દરદો ઉપર તો કેટલી સેહલાઇથી તે કારગત લાગી જાય?

બીજે દીવસે છેક સાંજના ઇતીહાસીક શેહર દીલ્હીમાં રૂસ્તમ આવી પોંહોચ્યો. શેહર પુરૂં કરી લીધા બાદ ત્યાંના એક પ્રખ્યાત યવની હકીમના દવાખાનાની તેને ખાસ મુલાકાત લીધી અને આ કીમતી જડીબુટીની વધું અસર કોઇ જુદાજ દર્દીઓ ઉપર અજમાવા ધારી તે મોટા હકીમને ત્યાં આવતા બે ત્રણ જુદી જુદી જાતના દરદીઓ ઉપર તેને મુફ્ત અજમાયશ કરી જોઇ અને સોએ સો ટકા તે ફતેહમંદ પુરવાર થયલી જોઇ તે ઘણોજ સંતોષ પામ્યો. ત્યાના તે નામીચા હકીમે આ એજબટી જડીબુટીનો નુસ્કો જાણવા માગ્યો, પણ રૂસ્તમ તેને કેવી રીતે મેળવી શકયો હતો તે પેલા હકીમને સાફ સાફ જણાવી દીધું.

અતરે એક બીના ખાસ કરીને ધ્યાનમાં રાખવા જોગ છે, તે એ કે લગભગ ત્રણ વરસની વાત ઉપર રૂસ્તમ જયારે પોતાના ભાઇ સોરાબથી છુટો પડયો હતો તે વેળાએ તેના બદન ઉપર પારસીઓના બરનો પોષાક હતો, પણ હાલમાતો તેને પોતાના શરીર ઉપર જુદીજ કીશમના કપડા પહેર્યાં હતા. ધાડપાડુઓ સાથ વેરાન જંગલમાં તેના વસવાત દરમ્યાન

તેની કમર ઉપરનો સદરો—કુસ્તી લાંબો વખત થયા ફાટી તુટી જઇ કયારના ચીંદરાં થઈ ગયા હતાં. હાલમાં તો તેને સાહયા રેશ્મી એક લાંબો રેશમી ઝભ્ભો ઓળવ્યો હતો અને માંથે મોટો દુપેટો બાંધ્યો હતો. જો કે સદરા—કુસ્તી વીના તેનો જીવ ઘણોજ કમકમ્યા કરતો હતોજ પણ તેની પાસ હાલતે કાજ તો બીજો કશોજ ઇલાજ હતો નહી.

"યા મારા પાક પરવરદીગાર, ૪ થી જુનને હવે ફક્ત થોડાજ દીવસો બાકી રહ્યાથી બીચારો મારો વહાલો ભાઈ સોરાબ હાલમાં કાંહ હોશે ? શું કરતો હોશે ? તેનું શું થયું હોશે ? ૪ થી જુને હમારી આપેલી કબુલાત પ્રમાણે મને આવી મળશે કે ? બીચારી મારાં ગરીબ ગાય જેવાં વહાલાં માંયજી શું કરતાં હોશે ? હમારી વહાલી રોશન બીચારી શું કરતી હોશે ? દારાબદારૂ હમારે ઘેરે આવતા જતા હોશે કે ?" રૂસ્તમ જ્યારે ત્યાંના હોટેલમાં એખલો પડયો ત્યારે આવા આવા કાંઇ સેંકડો વીચારો તેના મનમાંથી આવ્યા અને ગયા. વીચારમાં ને વીચારમાં કોઈવાર તે અતી ઘણો ખુશાલ બની જતો તો વળી કોઈવાર ગંભીર ગોરમાં પણ ઉતરી પડતો.

દીલ્હીથી તે હવે આગ્રા, લકનો, અલાહાબાદ, બનારસ વીગેરે વીગેરે જોવા લાયક સ્થળો જોઈ કરી લઇ ગ્રાન્ડ ટ્રન્ક—એક્સપ્રેસ મારફતે બરોબર ર જી જુને સાજના સહીસલામત નાગપુર આવી પહોંચ્યો. "યા ખોદા, આખરે પરમ દીને તો હું મારા ભાઇ સોરાબને મલશ. પરવરદીગાર કરેને બીચારો સારી તંદરેસ્તી સાથ હોય અને મને હસતો હસતો મળે એટલે બસ." અને જેમ જેમ તે બન્ને ભાઇઓ વચ્ચેની આનંદકારક મુલાકાતનો વખત આવતો જતો હતો તેમ તેમ રૂસ્તમનાં ઉલટમંદ જીગરમાં ઓરબી ખુશાલીજ અને નવી અભીલાષાઓ ઉભરાતી જતી હતી. હવે તેનો ભાઇ સોરાબ કયા છે અને તેનું શું થયું તે હવે આપણને તપાસવાનું છે.



પ્રકરણ—૧૨ મું.

રૂસ્તમનો ભાઈ સોરાબ સોલાપુરનાં કલેકટર સાહેબ સાથે ગયો હતો ત્યાં અત્યાર વેરમાં શું કરતો હતો તે હવે આપણે તપાસ્યે. આગલાં પ્રકરણમાં વાંચી આવ્યા છે, તેમ સોલાપુરમાં સોરાબ મોદી ત્યાં ઘણોજ મનમાંનતી રીતે ઠરીઠામ થઇ ચુકયો હતો. ત્યાંની મારકેટોનો કારોબાર ખોટમાંજ કામ કરતો હતો તે કરવૈયા સોરાબની જહેમત અને ખરાં મનની

મેહેનતથી મનમાનતી રીતે રાહ ઉપર આવ્યો હતો. આવી તરેહનું તેનું પ્રમાણીકપણું, ખડતળ અને ચાલુ દેખરેખ, તેનો મીલણુસાર સ્વભાવ અને તેના નમનતાઈપણાંથી તે ત્યાનાં મોહતાં શેહરનાં રહીસોમાં ઘણોજ વખણાંઈ ગયો હતો. આ જવાંન સોરાબનાં ત્યાંના કારોબાર દરમ્યાંન અગાઊ જે વારંવાર કલેકટર સાહેબ આગળ ફરીયાદો આવતી હતી તે હવે સદંતરજ અટકી ગઇ હતી અને મી० એમરસન સાહેબનાં જીવને પણ કેટલીક નીરાંત વળી હતી.

ત્રણ વરસનાં ત્યાંનાં વસવાટ દરમ્યાંન આ નીરસો જવાંન આખા સોલાપુરમાં પુષકળ જાણીતો થઈ ચુકયો હતો, કલેકટર સાહેબ અને તેની ભલી મોહરદાર સાથ આ જવાનને જાણે અજાયબીમાં નાંખે તેવું ઘરવટ જેવું થઈ લાગ્યું હતું. વાળી ઘણીક વેળાએ આ કલેકટરનું કુટુંબ ત્યાંની એકાંત જગ્યાઓ ઉપર પીકનીકે ઉતરી પડતું હતું અને તેઓ સાથ સોરાબ જાણે તેઓના કુટુંબનોજ એક પુરૂષ હોય તે પ્રમાણે તેઓ સાથ બેધડક ગોઠવાઈ જતો.

અને ત્યારે આ પ્રમાણે સોરાબ મોદીને સોલાપુર શહેરમાં સુખવારી રીતે ઠરીઠાંમ થઇ જવાને હવે ત્રણ સાલ થયાં હતા અને હવે ૪થી જુને તો પોતાના વહાલા ભાઇ રૂસ્તમ સાથની કબુલાત પ્રમાણે તેને મુંબાઈમાં ફરજીઆત હાજર રહેવાનુંજ હતું.

"બીચારો મારો ભાઇ, હમો બન્ને છુટા પડયાં બાદ કેઈ તરફ નીકળી ગીયો હોશે ? ને તે સારી હાલતમાં પાછો ફરી મને મળશે કે નહી ? ઓ તે ખુશાલી હવે તો અમો બન્ને ભાઇઓ ફરી એક વાર મુંબાઈમાં નવા જુનાં બી થઈ જઇશુ."



પ્રકરણ—૧૩ મું.

"વેલ વેલ મી. મોદી, હું તારી અરજ સાંભળીને ઘણોજ ખુશી છું. હું તુંને મોટી ખુશીની સાથ રજા આપું છું, પણ મને દલગીરી એટલાજ માટે લાગે છે કે હું પોતે તેમજ મીસીસ એમરસનને આ તારી બે માસની ગેરહાજરી ઘણીજ ભારી લાગશે. હું તુંને હરગીઝ થઇને નારાજ કરવા માંગતો નથી. તું બેલાશક સીધાર અને તું જ્યારે પાછો ફરશે ત્યારે તારે માટે એક મોટી જગ્યા મેં ખાસ રાખી છે તેનો હું તુંને એખત્યાર આપનાર છું."

"તમારી ઘણીજ મોટી મહેરબાની સાહેબ."

"આ નવી જગ્યા ટાઉન સુપરીટેન્ડેન્ટની છે. ત્યાં તુંને શરૂઆતમાં સાતસો રૂપ્યાનો દરમાયો મળશે અને ત્યારબાદ તુંને કેમ આગળ વધારવો તેનો પણ મે સારી રવેશે વીચાર કરી રાખ્યો છે." એમરસન સાહેબે ઓરબી એક ખુશ વધાઈ કહી સંભળાવતાં સોરાબને જણાવ્યું,

"હું તમારો તાબેદાર નોકર છું સાહેબ તમુંને જેમ સારૂં લાગે તેમ કરજો."

"અને ત્યારે તારી આ મારકેટ સુપરીટેન્ડેન્ટની ખાલી જગ્યા ઉપર કોઇ તારાજ જેવો ઇમાનદાર, સારા ખવાશનો કોઈ પારસી મળે તો મને ખુશીથી જણાવજે."

"ઓ ત્યારે તો મેહરબાન સાહેબ, મારો પોતાનોજ સગો ભાઇ છે, તે આ કામને સહેતરજ બંધ બેસતો થઇ પડશે."

"વેલ, ત્યારે તો ઘણુંજ સરસ, જરૂર તારી સાથ તારા ભાઇને લેતો આવજે. ઓ, ત્યારે તો તમે બન્ને ભાઇઓ મને ઘણાંજ કામના થઈ પડશો."


"પરવરદીગાર તમારૂં અને તમારાં વહાલાં કુટુંબીઓનું ભલું કરો. ખરેખરજ મુંજ ગરીબ નોકર ઉપર તમારી મેહરબાની જોઇયે તે કરતાંબી વધુ છે સાહેબ."

લે આય ચીઠો લે અને આપરા ખજાનચીને આપ, તું તાહારો બે માસનો પગાર લઈ લે. અને ઉપરથી બીજા પાનસો રૂપ્યા તે તુંને આપશે. તુંને ઉપસગના ખરચ ખુંટણ સારૂં જોઇરોજ, અને જા. ખુશીથી સીધાર પણ જોજે વહેલો પાછો ફરજે. અવારનવાર કાગજ પતર લખીને મને ખબર કરજે. સમજ્યો કે? જા, મીસીસ એમરસનને પણ મળી લે એબી બીચારી કેટલી દલગીર થશે, જા ફતેહ કર." અને તે ભલા ટોપીવાલાએ પોતાની ભલાઈ પુકારતા જણાવ્યું. તેને સોરાબને બે હાથે દાબીને શેકહેન્ડ કીધી અને પોતાની ઓફીસના દરવાજા સુધી તેને વળાવા આવ્યો. અતરે કહ્યા વીના ચાલશે કે ભલી મીસીસ એમરસન આ ભલા જવાન સોરાબની બે માસની ગેરહાજરીની ખબર સાંભળી દુઃખથી ખરેજ દાજી ગઇ.

"મી. મોદી તું હમુને બે માસ માટે છોડી જાય છે તો ભલે પણ

વહેલ્લો પાછો ફરજે હું? હમુને ભુલતો ના અને હવે આવે તો પરણીનેજ પાછો આવજે કે તાહારી મીસીસ મોદી માહારી એક ભલી કમ્પેનીઅન થઈને રહે. જા ફતેહ કર મી. મોદી ખુદા તાહારો નીગેહબાન થાય." આંખમાં ઉભરાઈ આવેલા ઝળઝળા સાથેજ ભલી મીસીસ એમરસને જણાવ્યું. અને આ ભળી લેડીના રૂડા આશીરવાદ લઈ વીરલો સોરાબ ત્યાંથી ઘણુંજ ભારી દીલે વીદાય થયો.

જે દીવસે સોરાબ સોલાપુર છોડી જનાર હતો તે દીવસે મી. એમરસન પોતાના કુટુંબીઓ સાથ ત્યાંના રેલવે પ્લેટફોર્મ ઉપર હાજર થયો હતો. અને જ્યાં સુધી ઉપડી ગયલી ટ્રેન નજરે પડતી રહી ત્યાં પ્રુલીક તેઓ સર્વે જણાઓએ પોતાના રૂમાલો હલાવી છેક છેવટનું પણ માન તેને આપ્યું હતું.



પ્રકરણ—૧૪ મું.

સોરાબ સોલાપુરથી નીકલેલો સીધો મદ્રાસ ગયો, ૪ થી જુન ને હજુન તો થોડાક દીવસનો વીલંબ હતો, એટલા માટે તે મુંબાઇ પોંહચી જાય તેની અગાઉ તેને પણ પોતાના ભાઈ રૂસ્તમની માફક થોડુંક અહીં ફરી હરી લેવાનો મનસે ઇરાદો કર્યો. મદ્રાસમાં જોવાલાયક સ્થળો જોઈ લીધા બાદ તે ત્યાંથી કોલંબો ગયો. અને ત્યાંથી ફરીથી તેજ રસ્તે સીધો કલકત્તા આવ્યો, જ્યાં તેણે ત્રણથી ચાર દીવસો જોવા અને ફરવામાં ગાળી નાંખ્યા. ત્યાંથી તે જમશેદપુર આવી દર પડયો, અને સાહાસીક તાતાવાલાઓનું કોઇને પણ અજાયબીમાં ગરકાવ કરી નાંખે તેવું ત્યાંનું લગભગ સાડા ત્રણ માઇલ લાંબા વીસ્તારવાળું લોખંડ બનાવવાનું જંગી કારખાનું ઘણુંજ ઉલાસ અને બારીકીથી જોઈ લીધું અને આખાં હીન્દુસ્થાનના મહાન અશોનર મરહુમ શેઠ જમશેદજી તાતાને આ અદભુત કારખાનામાં કામ કરતા હજારો કામદારોને રોજી–રઝખનું સાંધણુ પુરૂં પાડવા માટે લાખ લાખ આશીરવાદ દીધા. અલાદીનનાં ફાનુસની માફક ટુંક મુદતમાંજ નવું ઉગી નીકળેલું અને લગભગ દોઢ લાખ માણસોની પચરંગી વસ્તી ધરાવતું, શહેર જેવું કારખાનું વળી જેવી રીતે સોરાબને પસંદ પડયું તેને મુકાબલે આગળ જોઈ લીધેલાં ગઇબી મોટાં શહેરો તેને કુચ્છ બીસાદમાં લાગ્યાં નહી.

જમશેદપુરથી સોરાબ કલકત્તા મેલમાં સાંજના ચારને અમલે સીધો નાગપુર આવી ઉતર્યો. તે ર જી જુનનો દીવસ હતો. યાને આ ઐતિહાસીક શહેરમાં રૂસ્તમ આવી લાગ્યો હતો તેની એક દીવસ વહેલોજ સોરાબ ત્યાં પહોંચી ગયો હતો. સેનત્રલ પ્રોવીનસીસનું આ નામીચું પાયતખ્ત શહેર પુરૂં જોઇ લીધા બાદ ત્યાંથી રાત્રે નવ વાગે ઉપડતી નાગપુર એકસપ્રેસનાં ફર્સ્ટ કલાસ કમપાર્ટમેન્ટમાં તે ફરાગાટથી ગોઠવાઇ ગયો. તે દીવસ ૩ જી જુનનો હતો. ૪ થી જુનનો સળકતો સુરજ તો અસ્તો આવની કાલે ઉગનાર હતો.

નાગપુર એકસપ્રેસ ઉપડવાને અસ્તો થોડોક વીલંબ હતો તે અરસામાં એક બર્થની ઉપર સોરાબ પોતાનું બીછાણું ઠીકઠીક કરવામાં રોકાઈ ગયો હતો. તેવામાંજ એક કોઇ ઘણુંજ જબરદસ્ત અને કદાવર દેખાવનો જવાંન તેજ ફર્સ્ટ–કલાસમાં ધામધુમ કરતો દાખલ થયો. આ વીરલો

જવાંન રૂસ્તમ હતો એમ કહયા વીના ચાલશે. રૂસ્તમે તો આ કલાસમાં દાખલ થતાંની સાથેજ પોતાનાં માં-જણ્યા વહાલા ભાઇ સોરાબને એક લેહજાતમાંજ ઓળખી કાહાડયો. કારણ જવાંન સોરાબનાં દેખાવમાં અગાઉના કરતાં કોઇભી જાતનો સેહેજ પણ ફરક પડયો હતો નહી. પણ રૂસ્તમમાં તો આપણે જાણી આવ્યા તેમ ચાંદ અને સુરજ જેટલો મોટો તફાવટ પડી ગયો હતો, અને ત્યારે કુદરતીજ છે કે સોરાબે પોતાનાં આ વડા ભાઇને મુતલગ થઇને ઓળખ્યો નહી. તે બીચારો પોતાના ભાઇને કયાંથી ઓળખે વારૂં ? પહેલું તો તેના દેખાવ અને કદમાંજ પુષ્કળ ફરક પડી ગયો હતો. બીજુ તો તેને ફ્રેન્ચ કટની ફુમકી દહાડી રાખી લીધી હતી, અને ત્રીજું તો તેનો વીચીત્ર ફાશનનો પોષાક હતો. સોરાબ જ્યારે અપ-ફાબયેલો અને અપ-ટુ-ડેટ કાળા સુટમાં સજ્જ થયો હતો ત્યારે તેના ભાઇ રૂસ્તમે એક તાહેટ તટરબંધ પાયજામો ઓઢ્યો હતો. અને શુદ્ધ સુફેદ લાંબાં અને લટકતાં રેશમી શર્ટ ઉપર તેવોજ ફેશનેબલ કાળી બનાટનો કોટ ઓળવ્યો હતો. વળી પોતાનું શીર ઢંકાઇ જાય તેવો એક મસ મોટો ગુલાબી રંગનો રેશમી ફુપટો વીંટાળ્યો હતો. વળી અઠુરામાં પુરૂં પેલા સતારા વાલા શ્રીમંત મારવાડીને ત્યાંના ચકચક કરતાં નક્કર સોનાંના ભારી વજણનાં કડાઓ પોતાના બન્ને હાથો ઉપર લટકાવ્યાં હતાં.

રૂસ્તમ પોતાનાં વ્હાલા ભાઇને જોતાની સાથ એટલો તો ખુશાલીમાં આવી ગયો કે તેનો હરખ જાણે તેનાં દીલમાં માયો સમાયો નહી. તેની ખુશાલીનો કાંઇજ પાર હતો નહી, પણ હાલ તુરત તો તે જરા જારતીજ માંજણું તપાશવાની શુભ મતલબથી ચુપજ રહ્યો અને જાણે કશામાં હોય નહી તેમ તે પણ તેની સામેનીજ સીટ ઉપર પોતાનું બીછાણું ઠીકઠાક કરવા મંડી ગયો, સોરાબ નહી જોય અને જાણે તેમ રૂસ્તમે પોતાનાં ભાઇને બારીક નજરથી અનેકવાર જોઇ લઇ પોતાનું ઉછળતું જીગર ત્રપ્ત કર્યું. જ્યારે સોરાબે તો આ પોતાનાં ભાઇને કોઇ રાજવંશી દરબારનો કોઇ મોટો ઓહેદાર માની લીધો.

એક્સપ્રેસ ટ્રેને જેવું નાગપુર સ્ટેશન છોડયું કે બન્ને ભાઇઓ તો નીરાંતે પોતપોતાની બેઠકો ઉપર લાંબા ટાટ થઇ ગયા, છેક સહવાર પડતાં એકાદ સ્ટેશન ઉપર સોરાબે જ્યારે ત્યાનાં બોયને ચા-નાસ્તાનો ઓરડર કર્યો ત્યારે રૂસ્તમે સાંભળ્યું કે પોતાના આ ભાઇના અવાજમાં પણ કશોજ ફરક પડયો હતો નહી.

વાંચનાર, જરા જુઓ તો ખરા કે સરજત કોઈ કોઈવાર કેટલી હદ સુધી ઠઠ્ઠાબાઝ થઈ શકે છે? આ બન્ને ભાઈઓએ ત્રણ વરસની વાત ઉપર જ્યારે મુંબાઈ છોડયું હતું ત્યારે તેઓ પૈસા-કોડી વગરનાં બીચારા કંગાલ જેવાજ હતા, અને પૈસા-કોડી વગરનાં હતા કરીનેજ તો તેઓ મદ્રાસ-મેલમાં વગર ટીકીટે ઠપકી મારી જઈ મુસાફરી કરી હતી, તે વેળા, યાને ત્રણ વરસની વાત ઉપર આ બન્ને બીરાદરોનાં આંગ ઉપર પુરાં-પાધરાં કપડાં લત્તા પણ હતાં નહી, અને આજે? આજે તો તેઓ વળી પાછા દૈવયોગે એકજ ત્રેનમાં મળી જવા પામ્યા હતા. બન્ને એસ્કી પોષાકમાં સજ્જ થયલા અને વળી બન્ને ખુબ માલદાર બનીનેજ પાછા ફરતા હતા, એ બધો પ્રતાપ "ફરે તે ચરે"ની કહેતીને અનુસરતો હતો. બપોરના બેને સુમારે નાગપુર-એકસપ્રેસ જેવી વીકટોર્યા તરમીનસના પ્લેટ-ફોર્મ ઉપર ઠરી ઠામ થઈ ઉભી કે રૂસ્તમ રૂઆબ માને રૂઆબમાં એક ટેકસીમાં ગોઠવાઈ જઈ સીધ્ધો તાજ-મહાલ હોટેલમાં હંકારી ગયો, જ્યારે સોરાબે કોઈ જુદાજ હોટલનો આસરો શોધ્યો.



પ્રકરણ—૧૫ મું.

ઓ તે ખુશાલી! મહાભારત ખુશાલી! દુન્યા વરણુની આ મોટામાં મોટી ખુશાલીએ આ બન્ને ભાઈઓ રૂસ્તમ તથા સોરાબના ઉછળતાં જીગરોમાં જાણે નવુંજ અને તેથી તાજુંજ શેર શેર લોહી ઉમેરી દીધું હતું. આજેજ ૪ થી જુનનો તે સગણવંતો અને સબકતો દીવસ હતો કે જે શુભ દીવસે તેઓની આગલી કબુલાત પ્રમાણે આ બન્ને બીરાદરો એક બીજાને ફરીથી એકવાર ક્રાફર્ડ મારકેટમાં મળનાર હતા. આજેજ ૪ થી જુનની તે સુખી સુખ્યારી સાંજ હતી અને આસરે સાત વાગતેના સુમારે તો આ બન્ને મા-જણ્યા વહાલા ભાઈઓ એકમેકની વહાલી ગોદમાં હરખભેર દબાઈ ચંપાઈ જનાર હતા.

સોરાબ ત્યાં અડધો કલાક વહેલ્લોજ આવી પોહોચ્યો હતો અને અતી ઉલટભેર આખી ક્રાફર્ડ મારકેટમાં એક લંબાણુ ચકરાવો મારી લઈ બહારના મેન-ગેટ ઉપર તે આવી ઉભો.

પોણા સાત થયા.

"હમણા આવશે, હમણા આવશે, હવે આવતોજ હોવો જોઈએ,"

આટલું પોતાના મનમાંજ ધારી લઈ સોરાબે ત્યાંના ત્યાંજ હવે નાના નાના ચકરાવા લેવા માંડયા, ત્યાંના મેન-ગેટ ઉપર કોઈબી મોટરકાર યાતો વીકટોર્યા આવી ઉભી રહેતી તો ઝટ સોરાબ બહુજ બારીક ઇંતેજારીથી તે તરફ આવી લાગતો.

સાતમાં હવે દશ મીનીટ બાકી રહી હતી. તેવામાંજ એક ટુ-સીતર કારમાં વીરસો રૂસ્તમ હવે ત્યાં આવી ઉતર્યો. ત્યાંના નજદીકનાંજ એક સ્ટોલ તરફ આ વડા ભાઇએ પોતાનાં નાના વ્હાલા ભાઇને દગમગતો જોઈ લીધો. તોબી તે કસામાં હોય નહી તેમ સીધો અંદરજ દમામમાં ને દમામમાં ચાલતો થયો. આ ગંજાવર કદના અને પાદશાહીજ દોરદમામ સાથના પુરૂષે ત્યાંની મારકેટમાં જમાં થયલાં સર્વે જણાઓનું પુષ્કળ ધ્યાન ખેંચ્યું હતું. તેને પહેલાંની માફકજ પોતાનો વાચીત્ર જેવો પોષાક સજ્યો હતો અને પોતાનાં હાથમાંની સોનાની મુંડ સાથની એક ભારી વોકીંગ-સ્ટીક આમથી તેમ હવામાં હલાવતો તે બહુજ ધીરે ધીરે પગલે ભેલાર ભેલાર મારતો હતો.

સોરાબે ફક્ત એકજ ઉડતી નઝરે આ મોટા પહેલવાની કદનાં અને અસાધારણ જેવા દેખાતા આદમીને જોઈ તપાસી લીધો અને મનમાં ધારી લીધું કે આ તો તેજ શખ્સ હતો કે જે તેની સાથેજ નાગપુરથી એક્સપ્રેસ ટ્રેનમાં મુંબાઇ આવ્યો હતો. પણ આવા એક ત્રાહીત પુરૂષ સાથ તેને કાંમજ શું હતું ? તેને તો તેના ભાઈ રૂસ્તમનીજ તગર હતી આ વડા ભાઇએ બરોબર માર્ક કરી લીધું કે સોરાબ ઘણી ઘણી અધીરાઈથી અને બહુ બહુજ ઇંતેજારીથી તેનીજ રાહ જોતો ઉભો હતો.

સાતમાં હવે ફક્ત પાંચજ મીનીટ બાકી હતી. રૂસ્તમ પોતાનાં ભાઇથી ખાસ થોડેકજ દૂર રહી લેહેરે લેહેરે લટાર મારતો ફરતો હતો, તેવામાંજ તેને જમશેદજી વખાર્યા, તેવણનાં ધણીઆણી અને તેવણની અતી રોણકદાર પણ મુંગી દીકરીને ક્રૉફર્ડ મારકીટવાલા સાહાસીક અચારીઆનાં સ્ટોલ્સ ઉપર કાંઇ ખરીદી કરતાં જોઇ લીધાં. તે ધણી ધણીઆણીની તો રૂસ્તમ તરફ પીઠ હતી પણ આ મુંગી મનોહરે તો રૂસ્તમને આબાદ જોઇ લીધો. જોઈ લીધો એટલુંજ નહી પણ વળી તુરતજ પીછાંણી પણ લીધો. તેણીએ ઝટ તે જવાનને હસીને ડોકનું કર્યું અને રૂસ્તમે પણ મલકાટથી પોતાનાં ડોક્યાંના લહેકાથી તે સુંદરીને જવાબ કર્યો અને તુરતજ ત્યાંથી આગળ વધ્યો. તે તુરતજ ત્યાંથી આગળ વધ્યો એટલાંજ માટે કે અગર જો આ ધણી ધણીઆંણી તેને કાંઇ વાતચીતમાં રોકી લે તો તેની પાસ

એટલો પુરતો વખત શાબતુજ કર્યા હતો ? તેને તો તેનાં વહાલા ભાઇને ટાઇમસર મળવાનું હતું.

જવાંન રૂસ્તમનું આવું અસાધારણ કદ જોઇ ઘણાંક ત્યાંના પરવારતાઓ અને ખાસ કરીને નાંનાં ટેંગણો તેની પુઠે પુઠે અજાયબી સાથ નીહાળતા ભમતા હતા. તેઓએ અગાઉ કદી પણ આવું હાલ ચાલ કરતું ટાવર જોયું નહી હોય તેમ ! રૂસ્તમ અગર જો કોઇ સ્ટોલ આગળ ઉભો રહી જતો તો તુરતજ તેની પીઠ પાછળ ચાલતાં આદમીઓ પણ ત્યાંજ ઠરી ઠામ થઇ જતાં હતાં.

મારકીટનાં ઘડીઆળમાં હવે સાતનાં થોકા ઠોકાયા. રૂસ્તમ હવે તુરતજ જ્યાં તેનો ભાઇ ફેરા ફરતો હતો ત્યાં પોતે પણ ચાલ્યો અને જાણી બુજીને સોરાબની છેક લગોલગથી પસાર થતાં જાણે અંજાણપણે લાગી ગયો હોય તેમ એક ઘણોજ નરમ આંચકો લગાડી તુરતજ પાછો આગળ વધ્યો. છતાં પણ આ નાના ભાઇએ તેને પકડી પાડયો યાતો ઓળખી શકયો નહી.

સાત ને પાંચ મીનીટ ઉપર થઇ.

"કેમ ? હજુણ સુધી રૂસ્તમનું તો કાંઇ ઠેકાણુંજ નથી ? એને ૪ થી જુન યાદ રહી હાશે કે ? ભલા આદમી હજુર આવ્યો કેમ નથી ? શું થયું હોશે ?" અને આવા આવા કાંઇ એકસોને એક વીચારો તેના મગજમાં ચઢ ઉતર થયા કર્યાં. તે હવે બીચારો ખરેખરોજ અકડવકડ અને ધવડ ખવડમાં પડયો. તેવામાંજ ખુદ રૂસ્તમ પોતે બહુજ ધીરે ધીરે બાજુથી નીકળી આવી સોરાબના મોઢાંની છેક લગોલગ અને બરોબર સામે ઉભો રહી જઇ પોતાના નાના અને વહાલા ભાઇને ઘણાંજ હેતથી એકી તગરે ટીકવા પડયો.

"કેમ સોરાબ, મહને ઓરખેછ કે દીકરા ?" રૂસ્તમ ફકટ આટલુંજ બોલ્યો. અને તેના ધાડા અને ઘોંઘારી સાદે સોરાબને ઘડીભરના તેના અવાચકપણાથી જાણે સીદ્ધો સાવદ્ય કરી નાંખ્યો. સોરાબે તુરતજ ચોંકી જઇ સામે ઉભેલા પોતાના ભાઇની નજરો સામે એકાદ બે પળ જોયાજ કર્યું, પણ તેના હોથોમાંથી પહેલાં તો જાણે એક સાદો સુતરો શબ્દ વટીક બહાર નીકળી શકયો નહી.

"કેમ સોરાબ, તેં તારા ભાઇ રૂસ્તમને હજુર સુધી ઓરખ્યો નહી ?" કમરે બન્ને હાથો ટેકવી દઇ રૂસ્તમે પાછો એકવાર પોતાના નાના ભાઇને સવાલ કર્યો.

"ઓ ! ક–ક–ક–કોણ ? રૂ–રૂસ્તમ ? ઓ મારા વહાલા ભાઇ તું ?

તું–તું–પોતે રૂસ્તમ ? ખરૂંજ કહેછ કે ? હું તો જાણે માની પણ શકતો નથી." સોરાબ પોતાના વડા ભાઇને એકદમ ઓચીંતો અને નધારેલો પોતા પાસ આવી ઉભેલો જોઇ લઇ તે એટલો તો અકુળાઇ ગભરાઇ ગયો કે તે શું ને શું બોલતો હતો તેનું પણ જાણે તેને બે ઘડી ભાન થઇ શક્યું નહી.

અને હવે તુરતજ અને ત્યાંને ત્યાંજ આ બન્ને વહાલા બીરાદરો એક બાજાને ઘણીજ મજબુતાઇથી એકમેકને ટોટે બાઝી પડયા, તેઓ પોતપોતાને વટીક બેઘડી ભુલી ચુકી ગયા. એટલુંજ નહી પણ ત્યાંના ફરતાં હરતાં આદમીઓની હાજરી વટીક તેઓ વીસરી ગયા.

"અરે પણ ભલા આદમી, આપણે ગઇ કાલે તો સાથેજ નાગપુર એક્સપ્રેસમાં હતા તો ત્યાંજ કાંય નહી બોલ્યો વારૂં ? મેં તો તુંને બીલ-કુલ ઓળખ્યોજ નહી, મારા સમ. કેમ, તું કેમ છે રૂસ્તમ ? સારી હાંની તો છેની ? તું કોઇ મોટો રાજ દરબારનો દીવાન બનીને આવ્યો હોય તેવોજ આબાદ લાગેછ. બાપરે તારામાં કેટલો બધો ફેરફાર થઇ ગયો છ ?' સોરાબે ખુશાલીથી તર થતાં જીગરે ઉપરા સાપરી સવાલો કર્યા.

"અરે નહીરે યાર, દીવાંન કોણનાં બાપનો ? હું કાંઈ દીવાંન બી નથી બન્યો ને હેવાંન બી નથી બન્યો. માહારી હીસતરી સમજશે ત્યારે તું ખચીતજ અજાયબ થઇ જશે ને દાંતમાં આંગળાં ઘોસશે. આપરે પછી ઘેરે જઇને બધી નીરાંતે વાત કરશું. આપરે ગઇ કાલે નાગપુર એક્સપ્રેસમાં સાથે થઇ ગયા હતા ખરાં, તે મેં તો તુંને તુરતજ અને ત્યાંનો ત્યાંજ ઓળખી લીધો હતો, પણ હું જાણી જોઇનેજ તું મને ઓળખેછ કે નહી તે જાણવાને સારૂંજ હું ચુપ રહયો હતો. વળી બીજું તો એ કે ગઇ કાલે તો ૩ જી જુન હતી. જ્યારે આપરી કરારદાદ પ્રમાણે તો આપુંને ૪ થી જુને મળવાનું હતું. કેમ, તું સારી હાલતમાં તો છેની, સોરાબ ?"

"ઓ યસ, માહારી હાલત ઘણીજ સારી છે. આપરે બધી વાત ઘેરે જઇનેજ કરશું. ચાલ ભાઇ, તું ઘેરે ચાલ. માહારો તો જીવ બધો ઘર-માંજ ભરાઇ રહયોછ."

"અને માહારોબી. પણ આપરે કાંઇ મોનાં ગમીનું આય મારકીટ-માંથી ખરીદી લહયે. બીચારાં આપરાં માંયજીએ રાંધ્યું હોય કે નહીબી. સાડા સાત તો થયા."

રૂસ્તમે જણાવ્યું અને ત્યારે તે બન્ને ભાઇઓ એકવાર ફરીથી ખુશાલ જીગરે મારકેટમાં ઘુસ્યા અને 'અચારીઆ સ્ટોર્સ' માંથી જાત જાતની અને મોંઘા ભાવોની ખરીદીઓ કરી લીધી અને ત્યાર બાદ એક મોટી ટેક્સીમાં દર પડી ત્યાંથી પોતાંનાં ઘર તરફ વીદાય થયા.

પ્રકરણ—૧૬ મું.

"કેમ બાનુબઈ માંય, મકુંઝે શાંભરોપ કે? આઝે તો તમારા શાહેબ-ઝાદાઓ આવશે ઝો. આઝે તો ષોથી જુન શે. તમે ઝાંણોશ કે બાનુબઈ." આજે દારાબદારૂ પંદકી ખુશ ખુશ થતા વહેલાજ તેઓના ઘરે પધાર્યા હતા. તેવણે આવતાંની સાથેજ બાનુબાઇ ને બારણાં આગળથીજ ખુશ વધાઈ કહી સંભળાવી.

"ઓ હારે મરૂં તમારે મોંહને સાકર." તે અતી ઉલટમંદ થઇ ચુકેલી માતાએ હરખભેર જણાંવ્યું.

'ઓ નાંરે, એ તમારી પાકર બાકર કંઈ ચાલશે નહી ઝો? મને તો આઝે અરધી બાટલી બરાંનડીન ઝોહશે! તમે શમઝયાં કે માંયઝી? આઝેઝ શવારનાં પોહોરમાં મેં પપનો ઝોયોપ, તેમાં બેઉ બાઇઓને તમારે ત્યાં આવી ઉભેલા મેં ઝોયાપ.'

"હા માસીજી, મેં બી આજે સહવારે એક સ્વપનો જોયોછ. તેમાં રૂસ્તમ અને સોરાબને ઘણુંજ પૈસાવાલા થઇને પાછા આવતા જોયાછ" મીઠ્ઠી રોશને જણાંવ્યું.

"હું મારા ખુદાયજી પરથી બધી ઓવરઈ જાંઉં રે. મારા બેઉ ચાંદો હરતા રમતા આવે એટલે બસ," ઉલટમાં આવી ગયલી તે માવતરે જણાવ્યું.

બરોબર આંઠને ટકોરે એક ટેકસી તેઓનાં ઘરનાં આંગણા સામે ઘમઘમ કરતી આવી ને ઉભી પણ રહી ગઈ. દારાબ દારૂ, બાનુબાઇ તથા રોશન તેઓનાં ઓટલા ઉપરજ ઘણીજ બેતેબારીથી આ બન્ને ભાઇઓની આવી ચડવાની ક્યારનાં રાહ જોતાં ઉભાં હતાં.

સોરાબ પહેલાંજ તે ટેકસીમાંથી બહાર કુદી પડી વહેંલો અંદર દોડી જઇ પોતાની વહાલી માવતરને ગળે બાઝી પડયો અને ત્યારબાદ રોશન તેમજ દારાબદારૂને ભેટયો. રૂસ્તમ પોતાનાં વીચીત્ર ડ્રેસમાં હજી ટેકસી તરફજ હતો.

"મારો રૂસ્તમ દીકરો કાંહ છે, સોરાબ?" ખુશાળીમાં ચકચુર થઇ ચુકેલી તે માતાએ જણાવા માંડ્યું.

"માંસીમાય, તમેબી શું જો, આય શું રૂસ્તમ ટેકસીની આગળ ઉભોછ તે." ચાલાક રોશને પોતાનાં મસીઆઇ ભાઇને તુરતજ ઓળખી લેતાં જણાવ્યું.

"ઓ મારા બાપઝીરે અરે કાઇ આવો રે. આય રૂષ્ટમ? નકરો જાંણે તેહમતન રૂષ્ટમ પહેલવાન!" દારાબદારૂએ તાજુબ થતાં જણાવ્યું.

ઓ ! શું તેઓની ખુશાલી ? શું તે સબકતી સાંજની બલીહારી ? શું તેઓનાં ખુશાલીથી તર થઇ જતાં દરેકનાં જીગરો ? કહોની કે દુન્યા વરણની તમામ ખુશાલીજ ખુશાલી આ એકવારનાં ગરીબ ઘરમાં પોતાનું આજે દસ્ત લંબાવી ચુકી હતી. પોહોગી પેશાણીના રૂસ્તમે પોતાની ગરીબ વહાલી માંદરને રબરનાં એક બોલની માફક પોતાનાં મસ્ત હાથોમાં સેહલાઇથી ઉપાડી લઇ તેવણ બીચારાંને જાણે ભચડી કચડીજ નાંખ્યાં.

"એ આય દાહારીનું પીષ્ઠું કાંય ઉધાર્યુંપ ? મેં તો તુંને ઓરખ્યો બી નહી જો. ને આય માથા પર પાઘોડું કાંય ઘાલ્યુંપ ? એ શું તારો અવતાર ?" દારાબદારૂએ તાજુબી અને હરખભેર સવાલો ઉપર સવાલો કર્યો.

લગભગ કલાક એક સુધી તેઓએ ઉપર ટપકેની વાતચીત કરી લીધી અને ત્યારબાદ તેઓ સર્વે જણાંઓ ત્રણ વરસ બાદ આજે એક સુફરે જમવા બેઠાં. ખાણું લીધા પછી દરએક ભાઇઓએ પોત પોતાનું શરૂઆતથીજ દાસ્તાન કરવા માંડયું. જ્યારે તેઓએ જાણ્યું કે ત્રણ વરસની વાત ઉપર તેઓએ એકજ મેલ-ટ્રેનમાં એકમેકથી અંજાણ રહી મુસાફરી કરી હતી અને બન્ને જણાંઓ ને અકસ્માત દરમ્યાન સલામત બચી જવા પામ્યા હતા, અને વળી બન્ને ભાઇઓએ બીજા કંઇકોનાં પણ જાનો બચાવ્યા હતા તે સાંભળી સર્વે જણાંઓને અજાયબીનો એક મસ મોટો આચકો લાગ્યો.

"ઓ વહીરે માંય; તમે દુસ્મનને કંઇ કરાં થતે તો હું તો જીવ પરજ કરીને મરી જતે જો." અસુબાઇ માંયે ધાસ્તીથી ધ્રુજી જતાં જણાવ્યું.

"અરે પણ ખરા જો; તમુંને ખબર કે રૂસ્તમ સોરાબ ? એક કોઇ જમશેદજી વખાર્યો નામનો પારસી આવીને માસીમાયને આઠ હજાર રૂપ્યા આપી ગીયો તો, તમે વાત કરોની માસીમાય ?" રોશનને એકાએક યાદ આવતાં તેણીએ જણાવ્યું. અને ત્યારે આ બન્ને ભાઇઓ ખચીતજ હેરત થઈ રહ્યા.

"ખરેખર માયજી, આય જમશેદજી વખાર્યાની એક છોકરી એટલી તો સોહામણી છે કે બોલ્યે વાત નહી. પણ બીચારી સહનતરજ મુંગી છે, માહારી પાસ એક જંગલની જડીબુટી છે તે હું આ છોકરી ઉપર અજમાવી જોવા માગું છ," રૂસ્તમે જણાવ્યું.

"કેમ બબ્બા, કાંઇ ખાટી મીઠી નઝર છે કે ? તેવું હોય તો બોલી દેજે જો, એ મુંગી છોકરીને બોલતી કરશે તો ઘણું ધરમનુંજ કામ છે સમજ્યો કે તું ?" દારાબદારૂએ રોકડું પરખાવી આપ્યું.

પ્રકરણ—૧૭ મું.

"તું કહેછ તે તો ખરૂં છે, પણ તારી ખાત્રી છે કે તારા આ કલેક્ટર સાહેબ મી૦ એમરસન કાંઇ જાતનો પાછળથી વાંધો તો નહી કહાડે ?" વળતે દીવસે બન્ને ભાઇઓ ઘરમાંથી બહાર નીકળતાં રૂસ્તમે જણાવ્યું.

"અરે નહીરે રૂસ્તમ, આ મારો સાહેબ બીચારો એટલો તો મીંયા માણસ છે કે હું તેની જેટલી વખાણ કરૂં તેટલી થોડી. તારૂં ગંજાવર બદન જોઇને એ તો બીચારો ખુશ ખુશ થઇ જશે, એટલુંજ નહિ પણ બીચારી એની મડમ પણ બહુજ ભલી બાઇ છે. બાર કામ કંઇજ નથીરે. ફક્ત બધી ત્યાંની મારકેટો ઉપર દેખરેખ રાખ્યા કરવાની, બીજું કાંઇજ નહી. તું જોજે તો ખરો, હું તુંને બે—ત્રણ દહાડામાંજ ત્યાં રાહે પાડી દેવશ." સોરાબ સમજાવતો હતો.

"બધું તો ખરૂં, આપરે જો બન્ને ભાઇઓ સોલાપુર જઇને દર પડયે તો બીચારાં આપણા માયજીનું શું થાય ? ને વળી બીચારી રોશનને પણ કોણ પર મુંકી જઇશું ?"

"નહી નહી, માયજી ને રોશનને આપુંને સાથે સોલાપુર લઇ જવાંજ પડશે. સોલાપુર કાંઇ નાનું સુનું ના ધારતો કં ? બહુજ સરસ શહેર છે. ત્યાંના જરથોસ્તીઓ પણ બધા બહુજ ભલા છે. ત્યાંના પારસીઓમાં એટલો તો સંપ છે કે બોલયે વાત નહી. વળી મારો બંગલો એટલો તો મોટો ને ફાંકડો છે કે ત્રણ ચાર ફેમીલી સાથે સાથે અને સહેલાઇથી વસવાત કરી શકે. સમજ્યોની તું ?" સોરાબ પોતાનાં વડાભાઇને બધું સમજાવતો હતો.

"મુંબાઇમાંજ કંઇ હોતે તો બીચારી રોશનનું આપણે કંઇ ગોઠવી દીધું હોતે. સોલાપુરમાં તો—"

"તેનોબી વીચાર મેં કરીજ રાખ્યોછ. રોશન સાથ તો મારો પોતાનો પરણી જવાનો વીચાર છે. પણ હાલ તુરત તો તું માયજી આગળ એ વીષે વાત કરતો નાં. અગર જો, રોશન સાથ તારો પોતાનો વીચાર હોય તો સાફ સાફ મને કહી દેજે બા. હું તારા રસ્તામાંથી ખુશીથી નીકળી જવા તૈયાર છઉં."

"અરે નહીરે યાર બીલકુલ નહી. મારો તો પેલા જમશેદજી વખાણ્યાની મુંગી છોકરી સાથ પરણવાનો મેં નક્કીજ વીચાર કરી રાખ્યોછ.

ઘણીજ ખુબસુરત અને એટલી તો ખૂબસુરત છે કે તું જોશે તો જરૂરજ ખુશી ખુશી થઇ જશે. પણ માયજી આગળ તું હમણાં તો કંઇબી બોલ-તોજ નાં. એ છોકરી ઉપર હું મારી સાથ લાવેલી એક જડીબુટી અજમાવા માગુંછ. મારી ખાત્રી છે કે નક્કીજ ફાયદો થઇ જશે." અને આવી રીતે પોત પોતાનાં શુભ વીચારો આપ લે કરતાં આ બન્ને ભાઇઓ હવે સેનત્રલ બેંકમાં દાખલ થયા.

સતારાના પેલા કરોડપતી મારવાડીએ પોતાના એકના એક પુરા વહાલા દીકરાની ગંભીર બીમારીમાંથી રૂસ્તમે પોતાની પાસની જડીબુટીની કરામતથી સાજો તાજો કર્યો હતો તેના બદલામાં આ શ્રીમંત મારવાડીએ રૂસ્તમને પાંચ પાંચ હજારના બે ચેકો બંધ પરબીડામાં આપ્યા હતા. તેજ ચેકો આજે વટાવી લેવાની મતલબથી તેઓ બન્ને બીરાદરો સેનટ્રલ-બેન્કમાં આવ્યા હતા. ચેકના નાણાં વટાવી લઇ તેઓ સીદ્ધા હવે જમશેદજી વખારીઆને ત્યાં પોંહોચી વળ્યા.

સુભાગ્યે જમશેદજી પોતાના ઘરમાંજ તેઓને મળી ગયા અને રૂસ્તમને ન ધારેલો અને ઓચીંતો પોતાને ત્યાં આવી લાગેલો જોઇ તેવણ બહુજ વીચારમાં પડી ગયા.

"અલ્લો રૂસ્તમ, તું આજે અહીંયા? મેં તારા આઠ હજાર રૂપીયા તો તે દહાડનાજ તારા માયજીને પુગાડીબી દીધા છે. તુને તેની ખબર છેની?" શેકહેન્ડ કરતાં વખારીઆએ શરૂઆત કીધી.

"તે મને ખબર છે, જમશેદજી શેઠ પણ હું તો આજે એક ઘણીજ અગતની બાબદસર તમારે મકાને આવ્યો છે, આ મારો નાહનો ભાઈ સોરાબ," રૂસ્તમે પોતાના ભાઇ સાથ ઓળખાણ કરાવતા જણાવ્યું.

"તે બીજી અંગતની બાબદ શું છે? શું કાંઇ વરી પૈસા ટકાની બાબદ છે? તેવું હોય તો-"

"અરે નહીંરે, પરવરદેગારની મેહરથી હવે તેવું કશુંજ નથી, હું તો તમારી મુંગી દીકરી ઉપર હું મારો એક ઇલાજ અજમાવા માગુંછ. દાદાર હોરમઝદનું ચાહાવું છે તો કદાચ એ તમારી દીકરી પાછી એકવાર બોલતી પણ થાય, એ બીચારી કાંઇ જનમથીજ મુંગી તો નહી ઉતીની?" રૂસ્તમે જાણવા ચાહયું.

"અરે નહીરે, જરાકબી નહી, આજે સાત આઠ વરસની વાત પર હમે સર્વે જણાઓ દીવાળીની લાઇટ જોવા ગીયાતાં તે ત્યાંજ કોઇ નાંપાકે એની આગળજ એક મોટા ફટાકરાનો ધરાકો કીધો અને

એ બીચારી ધારતી થાઇ ગઇ અને બસ તે દીવસથીજ બીચારીની વાચાજ જાણે બંધ થઇ ગઇછે. હમે ઘણાં ઘણાંબી ડૉકટરોનાં ઇલાજો કીધા પણ બધુંજ ફોકટમાંજ. તે કરતાં મને પોતાને તો કંઇજ વાંધો નથી. પણ એ તારો ઇલાજ શું છે વારૂં તે જરા મને સમજાવશો ?" જમશેદજીએ કાંઇક શકમંદ થતાં પુછ્યું.

રૂસ્તમ, તેવણનાં દીલમાં ઉભો થયલો આ શક તુરતજ પાંમી ગયો. "તમે જરાક પણ થઇને ગભરાતા નાં, મારા જમશેદજી શેઠ, આગલી આપણા વચ્ચે થયલી લેણદેણનાં બદલામાં હું તમુંને કે તમારી આય બીચારી નીર્દોષ અને મુંગી છોકરીને જરાક પણ થઇને નુકશાન કરવાનાં ઇરાદાથી આયો નથી. પણ હું આપણા પાક પવીત્ર ધરમનાં નાંમથી કહુંછ કે તેવું કશુંજ નથી. પરવરદીગાર મારો સાક્ષી છે. જો તમુંને કાંઈ અરચણ નહી હોય તો જરાક તમારાં આય દીકરીને બોલાવશો ?" રૂસ્તમે એટલી તો સચ્ચાઇનાં જોશથી તેવણને કહી સંભળાવ્યું અને જમશેદજીની તે વીશેની ખાત્રી થતાંજ તેવણે પોતાની દીકરીને બોલાવી.

" બાનુ—ઓ બાનુ, જરા અહીં તો આવજે દીકરી." અને એક પળમાંજ આ મુંગી છોકરી તેઓ સર્વે જ્યાં બેઠાં હતાં ત્યાં દાખલ થઈ, અને આવતાંની સાથેજ પોતાના ડોકાનો લેહકો કરી લઈ પહેલાં રૂસ્તમને અને પછી સોરાબને માયાકુળ શેકહેન્ડ કરી. આ બીચારી મુંગી મંતર છોકરીની ગ્રેસ-ફુલ અદા, તેણીનો અતીઘણો મીઠો મનોહર ચેહરો જોઈ રૂસ્તમ એક વાર ફરીથી ઓછો છક થયો નહી. તેણી ખરેખરીજ નેકી અને નીતીનું એક નમુનેદાર રૂપ હતી. આ બન્ને ભાઇઓને એકજ ઝટકે માલુમ પડી આવ્યું કે તેણી સાચી, સુઘડ, અને અશોઇના એક સ્વરૂપ સમાન હતી.

તેણીનાં પીતાએ તેણીને દરેક બાબદોથી વાકેફ કરી દીધી અને તેના જવાબમાં આ મનોહર મુર્તીએ દયા ઉપજાવવા જોગ પોતાના નાજુક લહેકાથીજ જવાબ વાળ્યો. તેણી બીચારી સમજી બધું શકતી હતી, પણ એક ભાંગો તુટો શબ્દ વટીક બોલવાને જાણે અશક્ત હતી.


"જમશેદજી શેઠ, એક ગ્લાસમાં થોડુંક પાણી મંગાવશો ? આય મારો એક બહુજ સહેલો ઇલાજ અજમાવી જોવાની હું તમુંને દાબીને ભલાબણ કરૂંછ." રૂસ્તમે સમજાવ્યું.

પાણી હાજર કરવામાં આવ્યું. રૂસ્તમે પોતાના ખીસામાંથી એક નાની ડબ્બી બહાર ખેંચી કાઢી અને પેલી જડીબુટીની ખાખમાં સોયની

અણી ખોસી તે એમની એમ સોયને પાણી સાથે ડોહળી નાંખી. સોરાબ પણ પોતાનું ડાચું વકાસી પોતાનો ભાઇ શું કરામત કરતો હતો તે અચરતી સાથ જોવા પડયો.

"આય પી જાઓ જોઉંછ તો વારૂ !" રૂસ્તમે તે પાણીનું ગ્લાસ આ મુંગી છોકરીનાં હાથમાં પકડાવતાં સમજાવ્યું અને તુરતજ અને કાંહબી જાતની આનાકાની અને ધાસ્તી ફીકર કર્યા વગર આ છોકરી ગટ—ગટ કરતી ગટાવી ગઇ.

"જોયુંની જમશેદજી શેઠ, આય મારો ઇલાજ પાણીથી ભરેલું એક મોટું અને સાફ વાસણ મંગાવશો તો પંદર દીવસ ચાલે તેટલું હું તમુંને હમણાંજ તઇયાર કરી આપુંછ મારી ઉપર વિશ્વાસ રાખજો, જમશેદજી શેઠ દીવસમાં ત્રણથી ચાર વખત આ પાણી એવણને પીવા માટે આપજો બરાબર પંદરમે દીવસે હું ફરીથી તમારી મુલાકાત લેવસ અને તેનું શું પરીણામ આવશે તે હું મારી નજરે નજર જોવસ, હવે એક વાત વધુ, જરા મને એવણનો ટપકો આપશોજી ? એ તમારી દીકરીનાં બરેહ દહાડા કેવા છે અને કયારે બદલાશે તે હું મારા એક ઓળખાંણવાલાને દેખાડવા માંગુછ." રૂસ્તમે જણાવ્યું. ટપકો તુરતજ હાજર કરવામાં આવ્યો અને બન્ને ભાઇઓએ સર્વેને સાહેબ સલામ કરી ત્યાંથી રૂખસદ લીધી.



પ્રકરણ—૧૮ મું.

'ખરેખર રૂસ્તમ, આ પરીસુરત છોકરી સુંદરતાનો એક નાદર નમુનોજ છે જો. પરવરદીગાર કરેને તારા હાથને જશ મળે અને તારા મનની મુરાદ બર આવે." સોરાબે પોતાનાં ભાઇને ભલી દુવાઓ ઇચ્છતાં જણાવ્યું, અને તેઓ વાતમાં ને વાતમાંજ પોતાના ઘેરબારે આવી લાગ્યા.

"લેવો માંયજી, આય તમારી પાસે રાખો." રૂસ્તમે પોતાની વહાલી માવતરનાં હાથમાં દશ હજાર રૂપ્યા પકડાવતાં જણાવ્યું. એ રૂપ્યા તે કેમ મેળવવા પામ્યો હતો તેને લગતી તમામ કહાણી વીગતવાર સર્વેને કહી સંભળાવી.

બીજેજ દીવસે દારાબદારૂ પંહકી આવી લાગ્યા, અને તેવણને જોતાંની સાથેજ વખારવાને ત્યાંથી લાવેલો તેત્રણની દીકરીનો ટપકો તેવણને જોવા રૂસ્તમે જાણે કાલાવાલાથી માંગી લીધું.

"બબા તારી દારમાં કંઈ કારૂંપે ખરૂં. લાવની જોઊં વારૂં ? જોઉં શ તો તારોબી ટપકો મને જરા આપજેની." દારાબદારૂએ જણાવ્યું, અને રૂસ્તમે પણ પોતાનો ટપકો લાવી તેવણુ આગળ હાજર કર્યો.

"લેવો બાહરસા જરા બરોબર જો જો હું ? મારે તો બસ આયજ છોકરી સાથે લગન કરવું છ. એવની હમારી દશા કેવી આવશે ? રૂસ્તમે ઇંતેજારીથી જણાવ્યું. અને ત્યારે દારાબદારૂ પંડીએ એક કાગજ ઉપર કોઈ બહુજ બારીક અને લંબાણથી ગણત્રી કરી, અને સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર વાગેરે વીગેરે બહુજ બારીકીથી કરી લઇ છેવટે નીચે મુજબ પોતાનું મત આપ્યું.

'બધુંજ સત્તર આના ને બે પૈ ઉપર દેખાઈ આવેછ. શોકરીને સાત વરસની પનોટી બેઠેલી, પણ થોડાજ દીવસમાં તે તો ઉતરી જાશે. ત્યાર-પછીથી એના ધરેક દહાડા એવા તો ફેરવાઇ જાશે કે બોલ્યે વાત નહી. રાશ બી શુનનાં કરતાંબી પારી છે જો. વરી શોકરીનો આવતે મહીનેજ લગનનો જોગ છે. જરૂર બા જરૂર પરણુવીજ જોઇએ. જો નહી પરણી જાય તો આ.ય હાથ કલમ કરી નાંખું જો. બધાંજ વાણાં પ રા છે. એક સહેજબી ધાસ્તી ફીકર કરવા જેવું નથી.' દારાબદારૂએ બન્ને ટપકાઓની બોંડરી કરતાં જણાવ્યું.

વચમાં ફકટ આઠ કે દશજ દીવસો પસાર થયા હશે તેવામાં રૂસ્તમને જમશેદજી વખાર્યી તરફથી એક નીચલું કાગજ મલ્યું.

"વહાલા દીકરા રૂસ્તમ,

હું તારો ઉપકાર કયા શબ્દોમાં લખું, તારી એજમતી પાણીએ તો જાણે કમાલ કરી બતાવીછ. શરૂઆતમાં તો મારી દીકરીનું ગળું જાણે કશાથી ખેંચાતું હોય તેમ માલમ પડયું. અને આ કાગજ લખું છું ત્યારે તો અગાઊ જેમ ખેલતી ચાલતી હતી તેવીજ હાલતમાં આવી ગઈછ. આ કાગજ મલતાની સાથેજ મને આવીને તુરતજ મળી જજે. મારી દીકરી બાનુ તુંને મળવા અને તારી સાથ મોંહે મોંહુ તારી હાજરીમાંજ પોતાની પરીક્ષા આપવા ઘણીજ ઇંતેજારીથી તતપર થઇ રહેલી છે.

લી૰ તારા હકમાં દવાગો અને દાબો બલી દુઆનો ચાહનાર

જમશેદ વખાર્યનો ઘણો સલામ વાંચજે."

જવાંન રૂસ્તમને માટે આ શું કાંઈ જેવા તેવા હૈયાને હરખાવી નાખ-

નારી ખુશાલી હતી ? તેને હવે ઉપરાસાપરી મળતી ફતેહો પર ફતેહ જાણી લઈ પોતાના પાક પરવરદીગારનો તેને પોતાનાં ખરાંજ જીગરથી ઉપકાર માન્યો. અને વળતેજ દીવસે ખુશાલીથી તર થયલાં જીગર સાથ તે જમશેદજી વખાર્યાને ઘરે જવ દોડયો, બલ્કે કહોની કે તે જાણે ઉડીનેજ ગયો.

રૂસ્તમ એટલો તો હરખમાં અને એવડી ખુશાલીમાં આવી ગયો હતો કે તે જમશેદજી વખાર્યાના ઘરે પોંહોચતાની સાથેજ તેવણુના ઓરડામાં કોઇનીબી રજામંદી લીધા અને પુછયા પરછયા વગરજ જાણે પોતાનુંજ ઘર હોય તેમ બેધડક દાખલ થઇ ગયો તેનું વટીક આ ભાનભુલા જવાનને સેહેજે પણ ભાન થઇ શકયું નહી. રૂસ્તમને અંદર દાખલ થયો જોતાંની સાથજ ખુદ બાનું પોતેજ તેના ભણી એક નાજુક અને ખુબસુરત પતંગ્યાની માફક દોડી આવી અને જવાન રૂસ્તમનો હાથ પોતાના કોમળ કરમાં પકડી પાડયો.

"સાહેબજી રૂસ્તમજી, આવો તમારી બરકતથી હું હવે બોલતી થઈ છે જો." તે મધુરી મહાણુએ કોઇબી રીતે જરાકબી શરમાયા કે ઓશકાયા વીના જણાવ્યું.

"મેં તે જાણ્યું અને તે જાણીને હું ઘણોજ ખુશી છું હવે તમુંને કાંઈ હરકત માલમ પરેછ કે વારૂં ?"

'ઓ જરાકબી નહી, તમારી મેહરબાની માટે હું તમારો જેટલો આભાર માનું તેટલો થોરોજ કેહવાશે."

રૂસ્તમને હવે લાગ્યું કે આ મુંગી બાનું અગાઉ તેને જોઈ હતી તેના કરતાં હાલની બોલતી ચાલતી બાનું તેને ઓરબી દીલકશ, જાસ્તીજ મરોડદાર અને વધારેજ અપોછરના એક સ્વરૂપ જેવીજ ખેંચાણકારક દેખાતી હતી.



પ્રકરણ—૧૯ મું.

"અલ્લો રૂસ્તમ તેં મારી દીકરી સાથ વાત કીધી કે ?" રૂસ્તમને જોતાંજ સાહેબ સલામ કરી જમશેદજીએ જણાવ્યું.

"જી હા સાહેબ વાત કીધી," રૂસ્તમે હસીને જણાવ્યું.

'જી હમે તો જાણે માનીબી નહી શકયા કે આય ઓચીંતો ફેરફાર આટલી અજાયબી સાથ કેવી રીતે થઇ જવા પામ્યો જ્યાં કાબેલમાં કાબેલ

ડોક્ટરોથી મોંહ માગ્યા રૂપીઆ ખરચતાં છતાં કાંઈ વળી શકયું નહી ત્યારે તમારા આય ફકત પાણીએજ જાણે ગજબ કરી બતાવ્યો, હમે જાવેદાન સુધી તમારા હેશાનમંદ રહીશું. એ તમારી દવા શું છે અને તમે એ કયાંથી શીખી આયા ?" જમશેદજીના ધણીઆણીએ પુછ્યું.

"રૂસતમે જડીબુટીને લગતી હકીકત કહી.

"અરે દીકરા રૂસ્તમ—જરા અહીંયા તો આવ." જમશેદજી એ હવે રૂસ્તમને જરા બાજુએ લઇ જતા જણાવ્યું, "રૂસ્તમ દીકરા, હું આજે તારી આગળ ઘણોજ શરમીંદો છેઉં તું ખરેખરો લાખમાંજ અને કવચીતજ મળી આવે એવો એક નેક બખ્ત જવાન છે કે જેનું મુલજ નહી થાય, બુરાઇનો બદલો ભલાઇથી કેમ વાળી શકાય છે તેવો તો દાખલો આ મે પહેલ વેહલ્લોજ જાણ્યોછ અને જોયો છે, આય મારી બીચારી દીકરી થોડાક વરસ થયા મુંગી મંતર બની ગઇતી તે કાંઇજ નહી પણ ધારૂં છે ત્યાં સુધી મારા આગલા કરેલા પાપોની ખુદાતાલાના ઘરની સખતમાં સખત સજા હતી. પણ તે મારી કદંગી આગલી રીતીઓને મેં છેલ્લીજ સલામ કીધીછ. અને તે મારા તમામ ગુનાહોની હું આજે તોબેહ કરૂંછ એમ હું તુંને આજે ખુલ્લે ખુલ્લું અને મારા ખરાંજ જીગરથી જણાવી દેવાને બીલકુલ શરમાતો નથી. રૂસ્તમ દીકરા રૂસ્તમ, આ તારી ભલાઇનો બદલો હવે હું પુરેપુરી ભલાઇથીજ વાળવા આતુર છેઉં અને તેથી કરીને હું તુંને—"

"થોભો સાહેબ, જરાકજ થોભજો" રૂસ્તમે તેવણુંને આગળ બોલતાં એકદમ અટકાવી નાંખતાં જણાવ્યું. "જરાક થોભો જમશેદજી શેઠ જરાક મારૂંબી બોલેલું મહેરબાની કરીને સમજી લેવો. એ તમારો બદલો ફદલો મને કશીજ જોઇતો નથી. પણ હું તમારી પાસ એકજ ચીજની માંગણી કરૂંછ. તમે કબુલ કરશો સાહેબ ?"

"મારાં શરોચશમથી કબુલ છે. તારી કોઈબી અરજ કબુલ કરવાને હું સાત પાણીએ ધોવલો બંધાયલો છેઉં તેં મારા ઉપર કાંઇ જેવો તેવો ઉપકાર કીધેલો નથી. બોલ દીકરા—બોલ રૂસ્તમ તારી માંગણી શું છે ભલા ?" જમશેદજી વખારવાએ તાજુબી સાથ જાણવા માંગ્યું.

"વધારે કાંઇજ નથી પણ આ તમારી દીકરી બાનુનો હાથ" રૂસ્તમે તડને ફડ ટુંકમાંજ જણાવી દીધું. અને દેખાઇતુંજ હતું કે તેનાં

આ ઓચીંતા અને ન ધારેલા સવાલથી આ જમશેદજી વખારયો ઘડીભર ડઘઈ જઈ વીચારમાંજ પડી ગયો. શું આ બનવા જોગ હતું કે રૂસ્તમ જેવો એક જવાન તેવણની દીકરીનાં હાથની માંગણી કરે? તે તો એમજ મનમાં ધારી બેઠો કે ઘણું ઘણું તો આય છોકરો હજાર કે બે હજારની રકમ તેની પાસ માંગશે.

"જોવ, જમશેદજી શેઠ, તમારા મનનાં વીચારો હું સમજી ચુકોછ. હું કાંઇ અગાઉના જેવો હાલમાં નાગો ભુખો નથી જો, આય ત્રણ વરસોમાં મેં દુન્યાદારીનો ઘણોજ બહોળો અનુભવ મેલવ્યોછ. એટલુંજ નહી પણ પરવરદેગારનાં હુકમથી અને તમારા પગની પુનાયથી હું પુરતો માલદાર થઇનેજ પાછો ફર્યોછ અને તેથી કરીને હું તમુંને ખાર મુકીને સાફ સાફ જણાવી દેવા માંગુંછ કે તમારી આય વહાલી દીકરીને હું દરેક વાતે સુખીજ કરશ. મારી ઉપર તમારો પુરો વીશ્વાસ તો છેની જમશેદજી શેઠ?" રૂસ્તમે ખાર મુકીને જણાવ્યું અને વખારીઓના સરપરનો પણ કાંઇક ભાર ઓછો થઇ ગયલો આ જવાંનને આબાદ લાગ્યો.

"રૂસ્તમ દીકરા, વીશ્વાશ તો સોએ સો ટકા પુરો. પણ એ વીશે મારી દીકરીની મંજુરીત મને પુછવી પડશે. જરા થોભ, હું હમણાંજ તારી હાજરીમાંજ એને પુછી જોઉછ." અને આટલું બોલતાં જમશેદજી વખાર્યાએ ત્યાંજ ઉભા ઉભા એ પોતાની દીકરી બાનુંને હાંક મારી જેના જવાબમાં આ સ્વરૂપ સુંદરી ઝટ દોડતી કે આવી ત્યાં હાજર થઇ

"બાનું, મારી વહાલી દીકરી બાનું" જમશેદજીએ તેણીનું મોહામણું સર વહાલથી પસવારતાં વધયું. "મારી પ્યારી દીકરી, આ ભલો જવાંન રૂસ્તમ તારા હાથની માંગણી કરેછ. બોલ તુંને કબુલ છે?"

તેણીના બાપ તરફથી આવો એકાએક અને ઓચીંતો સવાલ—અને તેબી વળી આવો નાજુક સવાલ રૂસ્તમની હાજરીમાંજ સાંભળી લઇ તેણી પહેલાં તો લજવાઇને લાલમ લાલ થઇ ગઇ પણ ત્યાર બાદ તરતજ વીજળીક વેગે ઝટ—ને—પટ પોતાનાં સઘળા વેર વીખર થઇ ગયલા વીચારોને પોતાના કોમળ મગજમાં એકઠા કરી લઇ આ સચ્ચી, સુઘડ, અને સોભાગ્યવંતીએ નીચલો જવાબ કર્યો.

"હા પપાજી, મારે કબુલ છે, મારૂં ભાગ્ય આવા એક પુરા લાયક નર સાથ જોડાય તો હું મને પોતાને આય દુન્યામાં ઘણીજ ભાગ્યશાળી સમજી લેવશ. એવણેજ મને મુંગીને બોલતી કીધી છે, એવણેજ મને

જાણે નવીજ દુન્યા દેખારી છે, અને એવણેજ જાણે મને નવું જીવતદાન બખશ્યું છે. મને રોશણીનો ખરો રાહ દેખારનાર એવણ પોતેજ છે. જ્યારે આજે સાત આઠ વરસો થયા તો જાણે હું અંધારા ગારમાંજ સબડયા કરતીતી, મારે સારૂં બેહેસ્તના દરવાજા ખુલ્લા એવણેજ મુકયા છે, તો આવા એક પુરા સો એ સો ટકા લાયકીવાલા જવાનને અગર જો હું ના કહી ના કબુલ કરૂં તો હું ધારૂં છે ત્યાં સુધી મારા જેવી અભાગણી, મારા જેવી નગુંણી અને મારા જેવી નાલાયક બીજી કોઈજ નહી. મારા ધનભાયગ હોય કે મને એવનના જેવો બહાદુર અને દીલાવર દીલનો જવાન મલે. પપાજી મારે કબુલ છે, મારા શરોચશમથી એવણનો નેક અને બખતાવર હાથ મને કબુલ છે," હીંમતવાન અને નીખાલસ છોકરી બાનુનો આ જવાબ હતો, અને રૂસ્તમ અને ખુદ તેણીનો બાપ વટીક આ બરબર બોલી છોકરીનો જવાબ સાંભળી ઘડી વીષ્મય પામ્યા વીના રહ્યા નહી.

હવેજ રૂસ્તમને લાગ્યું કે આ દીલજીત બાનું કેટલી ચેહરેનમુન, કેટલી દીલજીત રીતભાતની અને કેટલી નમ્ર ખવાશની અને દરેક વાતે એડામરલીરડ લેડી હતી.

જમશેદજી વખારયાની આ છોકરી, આજકાલની કેટલીક ચીબાવળી અને ચરકુલી દુખ્તીઓની માફક જરાકબી થઇને મરડાઇ મોચકાઇ નહી અને કશીબી તરેહનો નાલાયક ફસ કરી દેખાડયો નહી, પણ જે તેણીના જીગરમાં ઉંચ વર્ગના વીચારો આવી ગયા હતા તે બેધડક ચખુંની બે ફાડ કરતાં ખુલ્લે ખુલ્લાં જીગરથી જણુાવી દીધા હતા.

"કેમ રૂસ્તમ દીકરા, તેં મારી દીકરીનો જવાબ તો સમજ્યોની? એનો જવાબ તેજ હમારોબી જવાબ, બસ એ ખુશી તો હમે લોકો ખુશી ને હમે લોકો ખુશી તો હમારો પાક પરવરદીગાર ખુશી." જમશેદજીએ જણાવ્યું.

રૂસ્તમ હવે તુરતજ પોતાની બેઠક ઉપરથી ઉભો થઇને સર્વે જણાંઓને ઠાર્બાને વારા ફરતી શેકહેન્ડ કરતાં ટુંકમાંજ ઉમેર્યું "હું તમો સર્વે જણાઓનો ઘણોજ ઉપકાર માનુંછ." ધનમાયે પણ પોતાનાં આ ભવીષ્યનાં જમાઇને ઓવરણાં લીધા. રૂસ્તમને ઉપરા સાપરી ફતેહો પર ફતેહ તો મળીજ ચુકી હતી પણ આ તેની વળી નવીજ અને મહાભારત ફતેહ પુરવાર થઇ ચુકી હતી, કે જે ફતેહની બરકતથી તે હવે પોતાનું તમામ ભવિષ્ય સુખનીજ એક નાવમાં બેસી પસાર કરનાર હતો.

પ્રકરણ—૨૦ મું.

તે ખરેખરી સુખનીજ એક સહવાર હતી. તે એક એવી સબકતી અને સુખકરારની સહવાર હતી કે જે બખતાવર દીવસે રૂસ્તમ સાથ બાનું વખારયા અને સોરાબ સાથ રોશનને આજે અદરાવાની શુભ અને પવિત્ર ક્રીયા ઘણી ધામધુમ સાથ થનાર હતી. ફકત ત્રણજ વરસની વાત ઉપર તો આ ઘરમાં સીઈ ગરીબાઇએ પોતાનો જબરો ત્રાસ વરસાવ્યો હતો અને કમનશીબ કંગાળીયતે પોતાનું નેહુસ્ત કદમ ત્યાં સજ્જડ ઘાલી લંબાવી દીધું હતું. તેઓ બીચારાંઓને તો કોઇ કોઇવાર ખાવાનાં પણ વાખા પડતા હતા.

પણ હવે આજે? આજે તો તેઓનાં સર પરથી આફતોનાં સીહા વાદળાંઓ સદંતરજ વીખરાઇ ગયાં હતાં અને જાણે સર્વોના સુખનોજ સુરજ ત્યાં પ્રકાશતો થયો હતો. અને સુખનીજ સહવારનો લહવો ચાખતાં સર્વેનાં મોઢાં ફરી એકવાર હસતાં થયાં હતાં.

રમકડાં જેવી, સદા બોલકણી અને હસમુખી નવી વહુ બાનું ત્યાંના સર્વે જણાંઓને ઘણીજ ગમી ગઇ હતી. આ બન્ને દેરાણી જેઠાણીઓ રોશન અને બાનું વગર શકે ખુશ સ્વભાવની મીઠા ખવાસની અને અતી નમ્ર રીતભાત વાલીઓ હતી. આ શુભ અવસરનો તમામ કારોબાર દારાબદારૂ પંડકીના અનુભવી અને કરવૈયા હાથોમાં સોંપાયલો હતો, અને ત્યારે આ ભલા અને ડોળ્યા પંડકી સાહેબે શરૂઆતથી લઇને આખેર પુલીકની તમામ વ્યવસ્થા એકલે હાથે કરી લઇ દરેક જણાંઓના પુરતા સંતોષ વચ્ચેજ તે તરી પાર ઉતાર્યો હતો.

વળી આ બન્ને ભાઇઓનાં લગન પણ બહુ વહેલાંજ નક્કી થઇ ચુક્યા હતાં અને લગન વીત્યાબાદ એક અઠવાડીયામાં તો તેઓ સર્વે જણાંઓ સોલાપુર ઉપડી જઇ ત્યાંજ જાથુકનાં ઠરીઠામ થઇ જનાર હતાં. વળી રૂસ્તમ માટે તો સોલાપુરમાં મારકેટ સુપરીનટેંડન્ટની જગ્યા પણ તૈયારજ રાખવામાં આવી હતી એટલે તેને ત્યાંજ વધારે બંધ બેસતું થઇ પડનાર હતું. અને વળી ઘરનાં બીજાં બધાઓ સાથેજ એક ઠેકાણે ઠરીઠામ થનાર હતાં.

— ❦ —

પ્રકરણ—૨૧ મું.

આલબ્લેસ બાગ આજે સવારથીજ રંગરાગથી જાણે ગાજીબાજી રહ્યો હતો. બચુબાઇ મેદી તરફના તો કાંઇ ઝાઝા પરોણાઓ હતા નહી, પણ જમશેદજી વખાર્યા તરફના ઘણાક કુટુંબીઓ તથા દોસ્ત આશનાઓને બપોર તેમજ રાતનું બન્ને વખતનું ઇજણ હતું. દારાબદારૂ પણ આજે ઘણાજ ધામધુમમાં પડી જઇ બીચારા અછડાઇ પછડાઇ જતા હતા.

જમશેદજી વખાર્યાએ પણ પોતાની એક પુરી અને વહાલી બેટી બાનુંની સાજવારી માટે દુલ્લા દીલથી હાથ બહાર કાઢયો હતો.

મી. અને મીસીસ એમરસન તરફથી મુબારકબાદી તથા એકસોને એક રૂપ્યાનો ચેક રજીસ્ટર્ડ મારફતે સવારના પોહોરમાં આવી ચુકયો હતો. વળી રૂસ્તમે પણ પેલા સતારાવાલા લક્ષ્મીપતી મારવાડીને તેઓના કુટુંબીઓ સુદ્ધા ઇજણ મોકલાવ્યું હતું જેના જવાબમાં આ ભલા મારવાડી કુટુંબ તરફથી પાંચસો રૂપ્યાનો ચાંદલો રૂસ્તમને કરવામાં આવ્યો હતો. અને ફરી એકવાર પોતાની નવી ધણીઆણી સાથ તેઓની મુલાકાત લેવાની ઓજારખ્વાહ ભરી અરજ ગુજારવામાં આવી હતી લગન ઘણાજ ધામધુમના અને સર્વે જણાઓના સંતોષ સાથનાજ પુરવાર થયા હતાં.

* * *

ઠેઠ સોલાપુર વેરનો એક આખો ફર્સ્ટ—કલાસ બોગી આ બન્ને ભાઇઓએ ખાસ રીઝર્વ્ડ કરાવ્યો હતો. તેની ગોઠવણ એવા રીતે કરવામાં આવી હતી કે મદ્રાસ—મેલ આ ખાસ બોગીને સોલાપુરના સ્ટેશન ઉપરજ છુટો મુકી દઇ આગળ વધે. પોતાના આખા કુટુંબ કબીલા સાથ સોલાપુર આવી પુગવાનો એક એકસપ્રેસ ટેલેગ્રામ સોરાબે પોતાના વડા સાહેબ મી. એમરસન ઉપર મુંબાઇથી ઉપડવા અગાઉ મોકલી આપ્યો હતો.

સોલાપુરના સ્ટેશન ઉપર મદ્રાસ—મેલ જ્યારે ઠરીઠામ થઇ ઉભો ત્યારે ત્યાંના પોખાળ પ્લેટફોર્મ ઉપર વળી કાંઇ ઓરજ ધમાલ મચી ગયલી નજરે પડતી હતી.

ભલી મીસીસ એમરસનને આ "ટુ લવલી લીટલ ડોલ્સ"—રૂસ્તમ તથા સોરાબની ધણીઆણીઓ, પહેલીજ નજરે ઘણીજ ગમી ગઇ હતી અને આખો વખત આ નવી વહુઓને પોતાની સગી બહેનોની માફક પોતાની સાથેની સાથેજ રાખી હતી.

સર્વે માન અકરામ ખતમ થયા બાદ તેઓ માટે ખાસ રાખેલી મોટરોમાં સર્વે જણાંઓ સોરાબનાં બંગલા તરફ હસતાં બોલતાં રવાનાં થઇ ગયાં.

'મી૦ સોરાબ, તું હાલમાં થોડાક દીવસ પુરતી આરામ કેશ લે, અને ત્યારબાદ તારા વડા ભાઇને લઇને મારી ઓફીસમાં આવજે તારા નવા ઓહદાનો અખત્યાર હું તુંને સમજાવશ, તેટલાં તું તારા આ ભાઇને તમામ મારકેટનો ચાર્જ આપી દેજે. તું સમજ્યોની" ભલા કલેકટર સાહેબે સોરાબને સમજાવ્યું.

સોરાબ ત્રણ ચાર દીવસો પસાર થયા બાદ પોતાનાં ભાઇ રૂસ્તમને લઇ મી૦ કેમરસનની ઓફીસમા દાખલ થયો.

"હું તમો બન્ને ભાઇઓને જોઇ બહુજ ખુશી છું તારી ટાઉન સુપરીનટંડન્ટની નવી જગ્યાનો ચાર્જ હું તુને મારે હાથે જાતે સમજાવીશ અને સોંપીશ તેટલાં તું આ તારા ભાઇને તારી જુની જગ્યાનો ચાર્જ આપી શકશે. બીજું મી૦ મોદી મને કહેવાને ઘણીજ ખુશાલી લાગેછ કે મેં તારા બંગલાની પાસેનોજ એક મોટો બંગલો આ તારા ભાઇને માટે તૈયાર રખાવ્યો છે, ત્યાં એવણ પોતાની ફેમીલી સાથ આરામથી રહી શકશે" અને આટલું કહેતાં આ ભલા કલેકટર સાહેબે પોતાની બેઠક ઉપરથી ઉભો થતાં તેઓને દાબીને શેકહેન્ડ કીધી.

"ફરે તે ચરે"—બુરૂ થાય તે સારાંને કાજે, એ કહેતી આ વાર્તાએ ખરી પાડી છે.

ત્રણ વરસની વાત ઉપર તો આ ગરીબ ઘરમાં હાય સોસારા, નીષ્ફળતા, કંગાલ્યત અને ભુખમરાજ સીવાય બીજું કશું પણ હસ્તી ધરાવતું હતું નહી. પણ હવે તે મેહરત વખત વહી ગયો હતો અ તેને બદલે આજે તેઓને ત્યાં પૈસા-ટકાની બોલબાલા અને રેલમ છેલ જાહેર હૈયાતી ભોગવતી થઇ હતી.

× × ×

સોલાપુરમાં ઠર પડી જવાને આજે તેઓને પુરાં બે સાલ થઇ ચુકયાં છે. રૂસ્તમ અને સોરાબ આજે ત્યાં પોતપોતાનાં માનવંત ઓહદાઓ ભોગવે કે અને દરેક વાતે ઘણાજ સુખવાસી છે. રૂસ્તમની પાસની પેલી જંગલની જડી-બુટીના પ્રતાપે વળી તે ત્યાં એક મોટા અને વળી નામીચા વૈદ તરીકે પણ બહુજ વીખ્યાતી પામી ચુકયો છે. રૂસતમ તથા સોહરાબના નેક માતાજી, આપણે તેવણ તરફ જો નેગાહ પોહાચાડશું તો માલમ પડશે કે તેવણ જપહજી થઇને રૂસ્તમ તથા સોરાબના 'સેહ્યુલોઇડના બાબાઓ' જેવા બે ગલગોટાઓને પોતાના ખોળા ઉપર બેસાડી "તાતા તાબરડી ને ધા ગોરની રાબરડી" રમાડે છે, સાહેબજી.

સમાપ્ત.

બાહેર પડી ચુકેલાં પુસ્તકો:—

૧ થી ૧૫ નંબરની વાર્તાની ચોપડી ખલાસ થઇ છે.

૧૬ ગરીબીનો ગુનાહ
૧૭ અદેખાઇનો અંધાપો
૧૮ નાર નીરાધાર
૧૯ પર કોમી પ્રેમ
૨૦ પુર્ણ પતીવ્રતા
૨૧ રૂપની રાણી
૨૨ છીછાછલીનો અંત
૨૩ ચતુર ચાતુરી
૨૪ કુદરતની કરામત
૨૫ પરણું આ તો મરૂં!
૨૬ પ્રેમ શકતી
૨૭ ડોળતી દયાનત
૨૮ તોખમમાં તફેરાફ
૨૯ બળવંત બળીદાન
૩૦ દિલાવર દિલબર
૩૧ ફીકતનો ફાંફા!
૩૨ કન્યા કસોટી!
૩૩ તગદીરનું ત્રાજુ
૩૪ કમબખતીના પારાવાર!
૩૫ પ્રેમનો પરમાર્થ
૩૬ ખુબસુરતીના ખેલ!
૩૭ ગમ્મતનાં ગાબરાં
૩૮ માયાકુળ મહિલા
૩૯ દયાનત નેકી બરકત
૪૦ વ્હેમની વિપતી.
૪૧ પ્રેમનું પ્રબળ!
૪૨ વફાની પુટલી!
૪૩ ખુને જીગર!
૪૪ 'અનાથ યુવતી'
૪૫ નાઝનીન મહેઝબીન!
૪૬ "કરપીણ કારગો"
૪૭ "કુળવંત કળી"
૪૮ બુલબુલ કે બળા?
૪૯ નેકજાદ નરગેસ
૫૦ વિર વનિતા
૫૧ દગાબાજ કન્યા.
૫૨ નકલી નાઇટ
૫૩ ઠગાઇ કો'ની સગાઇ?
૫૪ બાપકાબંધ ભરથાર!
૫૫ "ભોળપણનો ભાર"
૫૬ વિવાહ પછીના વિઘન!
૫૭ નાદાનીનો નતીજો.
૫૮ એક તાગડો.
૫૯ "વનમાગી વનિતા."
૬૦ ગરીબીનો ગજબ.
૬૧ પવિત્ર કે પાપી?
૬૨ વેશવાળ પછીના વાદળ!
૬૩ બે હમાન કોણ—મરદ કે ઓરત!
૬૪ અફસોસનાં આંસુ
૬૫ "પાપી પત્ની'
૬૬ દિલની સાચ્ચી
૬૭ કમાલ કૉમિડી!
૬૮ નિરાળી નિરધન
૬૯ ભલાનું ભલું
૭૦ ખુદાને દારનું જોડું
૭૧ સમાજીક સંકટ.
૭૨ દિલાવર દુશ્મન
૭૩ પરણ્યા પછીની પંચાત.
૭૪ પુનર્મિલન
૭૫ જાસુસ કે જાદુગર
૭૬ સદગુણી શહેરીયાર
૭૭ 'નવ્વાણું તદની નવી!"
૭૮ બુરાનું બુરૂં
૭૯ તકદીરીની તાજેશ.
૮૦ માયાનો મોહ!
૮૧ "ઓરત કે આફત?"
૮૨ "જોડભાઇની જંજાળ!"
૮૩ 'ચીલ ઝડપ'
૮૪ વફાદમાં વમલ!
૮૫ ફરે તે ચરે!

Printed by Moolchand Kasandas Kapadia at "Jain Vijaya" P. Press SURAT & published by Ruttonsha F. Acharia Crawford Market, BOMBAY.

નંબર ૮૬ મી આવતી વાર્તા, નામે—

"નાસમજ નાદાન."

આવતી તા. ૧ લીએ બહાર પડશે.